# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ




પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૧ ] એપ્રિલ ૧૯૮૨ [ અંક ૨

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ (નરેન્દ્રભાઈ બી. દવે) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળથી માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઇ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ વિશાળ જનસમુદાયને જ્ઞાતિ જાતિ અને ધર્મનાં બંધનોથી પર રહીને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)

કે. એન. પરીખ
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

□

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૧ • એપ્રિલ : ૧૯૮૨ • અંક ૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગુરુ-માહાત્મ્ય | ૧ |
| ૨. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં | ૪ |
| ૩. | જ્ઞાનગોષ્ઠિ | ૯ |
| ૪. | પ્રાર્થના મનુષ્યજીવનને અન્ધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે! | ૧૧ |
| ૫. | સાત્ત્વિક ઉપાસના જ શાશ્વત સુખ અર્પે છે! | ૧૩ |
| ૬. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના બીતરમાં | ૧૬ |
| ૭. | કાવ્યપ્રસાદ | ૨૧ |
| ૮. | સમાચાર | ૨૪ |



**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦**

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧


Scanned by CamScanner

# ગુરુ–માહાત્મ્ય

પ્રાચીનકાળથી ભારતની ભૂમિ પર ગુરુની પરંપરા અસ્તિત્વમાં આવેલી છે. ગુરુની પૂજાનો, ગુરુની કૃપાનો મહિમા અનંતકાળથી ગવાતો આવ્યો છે. વિશ્વમાં ભારતની ભૂમિ પવિત્ર ને સાત્ત્વિક ગણાય છે, ભારતીય સંસ્કૃતિના મૂળમાં જે આધ્યાત્મિકતાનો સંસ્કારવારસો સંચિત થયેલો જોવા મળે છે તે આવા અનેક સંતોની, ગુરુઓની, સિદ્ધપુરુષોની ઉપાસનાના, આત્મિક શક્તિના બળે જ. સામ્પ્રતકાલીન યંત્રયુગની વિષમતા ને વિસંગતતાઓની વચ્ચે સન્તો, ગુરુઓ, સિદ્ધપુરુષો ઈશ્વરીય શક્તિનાં સ્પંદનો વિશ્વમાં ફેલાવીને પ્રખર આધ્યાત્મિક ક્રાંતિ સર્જી રહ્યા છે. ઈશ્વરીય ઉપાસનાની પ્રસ્થાપના માટે સ્વકીય પ્રયાસો કરી રહ્યા છે. એની વધુ વીગતોમાં અત્રે ઊતરવાનો અવકાશ નથી. અહીં ગુરુ, ગુરુની મહત્તા અને ગુરુપૂર્ણિમાની વિશેષતા આલેખવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

આપણા અનેક ઉત્સવોમાં કેટલીક પૂર્ણિમા – એટલે કે પૂનમના દિવસોનું મહત્ત્વ સુવિદિત છે. જેમકે શ્રાવણીપૂર્ણિમા, શરદપૂર્ણિમા, ગુરુપૂર્ણિમા, વગેરે વગેરે. આમ તો પ્રત્યેક પૂર્ણિમાનું મહત્ત્વ અંકાય છે. પૂનમનો ઉપવાસ થાય છે. વ્રત–કથા વગેરે થાય છે.

ગુરુપૂર્ણિમાને દિવસે મનુષ્ય પોતપોતાને ઈષ્ટ–માન્ય ગુરુની પૂજા કરે છે. ગુરુમંત્ર મેળવે છે. ગુરુના આદેશ અનુસાર, માર્ગદર્શન અનુસાર જીવન અને ધર્મને ઘડવાનો પ્રયાસ કરે છે. ઈશ્વરને ઉપાસવાને તત્પર બને છે.

અષાઢ સુદ પૂનમનો દિવસ તે ગુરુપૂર્ણિમા તરીકે ઓળખાય છે.

* * *

સંસ્કૃતિના ઘડતરમાં અનેક ઋષિમુનિઓનો ફાળો રહેલો છે. વેદ વ્યાસે બધા વિચારોનું સંકલન કરીને 'મહાભારત'નો ગ્રંથ આપ્યો. એ ગ્રંથ પાંચમા વેદ તરીકે ઓળખાય છે. मुनिनामप्यहम् व्यासः મુનિઓમાં હું વ્યાસ છું એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાને તેમને બિરદાવ્યા છે. તેમના અનુગામી ચિંતકોએ વેદ વ્યાસના જીવન–કવનને અમર બનાવવા સંસ્કૃતિના પ્રચારક સૌને 'વ્યાસ' તરીકે બિરદાવવાનું નક્કી કર્યું. જે સ્થાન પરથી સંસ્કૃતિના વિચારો રજૂ થાય તે સ્થાનને 'વ્યાસપીઠ' કહેવાય. આ વ્યાસપીઠ પર આરૂઢ થઈને જે નિઃસ્વાર્થ ભાવે પોતાની ઉપાસના કાં તો ભક્તિ દ્વારા સ્વકર્તવ્યરૂપે સંસ્કૃતિના પ્રચારનું જીવનવ્રત લે તેની પૂજા આ દિવસે – એટલે અષાઢ સુદ પૂનમને દિવસે કરવાનું નક્કી કર્યું. એટલે એ દિવસ વ્યાસપૂજાના દિવસ તરીકે ઓળખાયો.

વ્યાસપીઠ પર બિરાજનાર સરસ્વતીનો સાચો ઉપાસક હોવો જોઈએ. તેની વાણી ઈશભક્તિરૂપે વહેવી જોઈએ. તેની વાણી સરળ, સ્પષ્ટ, ઊંડી અને સમાજની ઉન્નતિની સાધક હોવી જોઈએ.

તે સમયમાં વ્યાસ એ સમાજનો સાચો ગુરુ હતો. 'મહાભારત'ના ગ્રંથમાં કેટલી બધી વીગતો, પાત્રો, પરિસ્થિતિઓનું આલેખન કરેલું છે જે આજે પણ પ્રત્યેક મનુષ્યને–સમાજને અનેક રીતે ઉપકારક



Scanned by CamScanner

નીવડી શકે તેમ છે. એટલે એના રચયિતા-રચનાકાર પૂજાઈ બન્યા. તેથી પરંપરાનુગત એ વ્યાસપૂજા ગુરુપૂજા અને વ્યાસપૂર્ણિમા તે ગુરુપૂર્ણિમા તરીકે ઓળખાવા લાગી.

* * *

જીવનનું-સત્ય માનવીનું ગન્તવ્યસ્થાન ઈશ્વર છે. એને એ તરફ દોરનાર કોઈક વ્યક્તિની-બળની આવશ્યકતા છે. એ વ્યક્તિનું સામર્થ્ય આ ગુરુમાં છે, ગુરુની શક્તિમાં એવું બળ છે જે માનવીને ઈશ્વર તરફ લઈ જાય છે. એ માટે પ્રખર તપશ્ચર્યા-શારીરિક-માનસિક તપશ્ચર્યા કરવી પડે છે. યથેચ્છ વિહાર કરતી, ને માનવને પશુ બનાવતી વૃત્તિઓ-વાસનાઓ પર સંયમ મૂકવો પડે છે. એને નિયંત્રિત કરવી પડે છે. એ કાર્ય ગુરુ કરી શકે છે. માનવીની વાસનાઓને નિયંત્રિત કરી ઈશ્વરમાં-ઈશ્વરની ભક્તિમાં રૂપાંતરિત કરવાનું ભગીરથ કાર્ય ગુરુની શક્તિ કરી શકે છે. ગુરુના સાન્નિધ્ય દ્વારા માનવી પોતાની વૃત્તિઓ-વાસનાઓ પર સંયમ મેળવવા શક્તિશાળી બની શકે છે.

ગુરુનો સરળ શબ્દાર્થ જોઈએ તો ગુરુ એટલે મોટું, ચડિયાતું. જે કંઈક અસામાન્ય, વિશેષ, વિલક્ષણ અને ઉચ્ચ ગુણવત્તાઓથી સભર છે તે. જે સ્વયં પોતાની ઉચ્ચતા સિદ્ધ કરી શકે છે તે. જેની મહત્તા કરી શકાય, જેનું દષ્ટાંત લઈ શકાય તે. લઘુને ગુરુ બનાવવાની, નાનાને મોટા, સામાન્યને ઉચ્ચ-અસામાન્ય બનાવવાની જેનામાં ક્ષમતા છે તે. જે મનનો સ્વામી છે, જેણે વૃત્તિઓ-વાસનાઓને નિયંત્રિત કરી તે પર વિજય મેળવ્યો છે તે, જે જીતેન્દ્રિય છે, તે જ વ્યક્તિ ગુરુપદને પામે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરી ઈશ્વરના પથનું નિદર્શન કરી શકે છે.

પણ, પરંપરાથી-વારસાગત રીતે ગુરુ થઈ શકાતું નથી. જેમ કોઈ તબીબનો દીકરો તબીબ, એન્જિનિયરનો દીકરો એન્જિનિયર, સાહિત્યકારનો દીકરો સાહિત્યકાર કે શિક્ષક કે વકીલનો દીકરો શિક્ષક કે વકીલ થઈ શકતો નથી. તે કક્ષાએ પહોંચવા, તે તે પદવી પ્રાપ્ત કરવા પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. તે જ પ્રમાણે ગુરુનો દીકરો કે શિષ્ય ગુરુપદને પામી શકતો નથી. ગુરુપદે પહોંચવા ઈશ્વરની પ્રખર ને પ્રબળ ઉપાસના કરવી આવશ્યક બની રહે છે. ઈશ્વરને પામવાની સતત લગની લાગી રહેવી જોઈએ. તેમ છતાં ઈશ્વર પ્રાપ્ત થાય જ, એવું કોઈ ચોક્કસ ગણિત નથી. દરેક માનવી પોતપોતાનાં સંચિત પુણ્યકર્મો અનુસાર ભક્તિમાં-ઉપાસનામાં આગળ વધે છે. એટલે જેમણે જન્મોજન્મથી ઈશ્વરની ઉપાસના કરી છે, એને મેળવવાનો યોગ સિદ્ધ કર્યો છે એવો પવિત્ર ને સાત્ત્વિક આત્મા જ ઈશ્વરનો સાક્ષાત્કાર મેળવી શકે છે. ગુરુપદનો અધિકારી બની શકે છે. એટલે ગુરુપદ મેળવવું કંઈ સહેલું નથી. જન્મોજન્મની ઈશ્વરની સાધનાનું સુફળ તે ગુરુપદ.

આમ, જેમણે પરબ્રહ્મનો-પરમતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો છે તે જ ગુરુ બની શકે. એવા આત્મ-સાક્ષાત્કાર પામેલ વ્યક્તિને ગુરુ કહો, સન્ત કહો, કે ઈશ્વરનું સ્વરૂપ કહો. પોતે જે જોયું તે બીજાને બતાવી શકે, પોતે જે અનુભવ્યું તેનો બીજાને અનુભવ કરાવી શકે, તે જ ગુરુ. ગુરુ એ ઈશ્વરતુલ્ય કે ઈશ્વરનું સ્વરૂપ છે. એણે ઈશ્વરની આરાધના કરીને, ઈશ્વરની શક્તિઓને, એના અંશોને, એના ગુણોને, એના સ્વરૂપને, એના ઐશ્વર્યને પોતાનામાં એકાકાર કર્યા છે. ઈશ્વરના અસ્તિત્વ સાથે પોતાનું અસ્તિત્વ જોડી દીધું છે. એક ભક્ત તરીકે ભગવાનની નિરંતર ભક્તિ કરીને, એની કૃપા પ્રાપ્ત કરીને ભગવાન સાથે અભેદ-અદ્વૈત સાધવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હોય છે અને તેથી જ તે સ્વયં ઈશ્વર સ્વરૂપ બનાય છે.

'જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં તેનું જ્ઞાન, તેની સિદ્ધિ, તેની પદવી પ્રાપ્ત કરવા માટે પ્રખર તપશ્ચર્યા-પુરુષાર્થ કરવા પડે છે. તેમ ઈશ્વર મેળવવા માટે પણ એવા જ તપશ્ચર્યા-પુરુષાર્થની જરૂર પડે છે. કારણ કે અગાઉ કહ્યું તેમ માનવીના જીવનનું ગન્તવ્યસ્થાન ઈશ્વર છે. ઈશ્વરને ત્યાંથી આવેલો મનુષ્ય છેવટે



Scanned by CamScanner

ઈશ્વરને ત્યાં જ જવાનો છે. એની વચ્ચેનો સમય એટલે જીવન અને મૃત્યુ વચ્ચેનો સમય. એ સમયમાં પરમાત્માનો વિયોગ–વિચ્છેદ થાય છે – મનુષ્યના પોતાના કર્મને કારણે તે પરમાત્માથી વિખૂટો પડે છે. પોતે કરેલાં કર્મના ફળને ભોગવવા એણે પૃથ્વી પર આવવું પડે છે. પણ એ સમયમાં એણે પ્રાપ્ત કરેલ ભૌતિક જીવન અને એનું સુખ જ સર્વસ્વ નથી. ભૌતિક સુખની સાથે પણ એણે પરમાત્માનું અવિરત સ્મરણ, આરાધના કરવાની છે. પણ ભૌતિક જીવનના ઐશ્વર્યની પકડે ઈશ્વરની આરાધનાના ધ્યેયનું એને વિસ્મરણ થઈ જાય છે. અથવા એ તરફ એ દુર્લક્ષ સેવે છે. ત્યારે ગુરુ એને એના આખરી ધ્યેયનું, પરમાત્માની આરાધનાનું સ્મરણ કરાવે છે. ભૌતિક જીવનના ક્ષણિક–નાશવંત સુખમાંથી ઈશ્વરના–આધ્યાત્મિકતાના શાશ્વત સુખ તરફ વાળે છે.

પરન્તુ ઈશ્વરભક્તિનો, આધ્યાત્મિકતાનો, જન્મથી મૃત્યુપર્યન્તનો કાળ અત્યંત વિકટ હોય છે. એની પારાવાર વિકટતાઓ, મુશ્કેલીઓનો સામનો કરવા એને કોઈને કોઈ માર્ગદર્શકની જરૂર પડે છે. કોઈ ને કોઈ હૂંફ–સહાનુભૂતિની જરૂર પડે છે. પૃથ્વી પર પોતીકાં સ્વજનો કરતાં સન્ત–ગુરુનું સાન્નિધ્ય, એમનો આદેશ, એની કૃપા જ સર્વ કોઈ મનુષ્ય માટે પરમ હિતકારી નીવડી રહે છે. ભૌતિક અને આધ્યાત્મિક ઉભય રીતે. કારણ કે બન્ને ક્ષેત્રો દુષ્કર, અકળ ને અગમ્ય છે. એને પાર કરતાં સુધીમાં સાધકની–મનુષ્યની અનેકવિધ કસોટીઓ થાય છે. ભૌતિક–આધ્યાત્મિક અનેક પ્રલોભનો આવે છે. ભૌતિક જીવનને કેવળ આધ્યાત્મિક–ઈશ્વર માર્ગે વાળવા માટે, કે વાળ્યા પછી પણ માનવીમાં અનેકાનેક સજ્જતાની આવશ્યકતા રહે છે. આધ્યાત્મિક માર્ગે જવા માટે, ઈશ્વરભક્તિ કરવા માટે અનેક માર્ગો છે. એવા અનેક માર્ગોની ઉપાસકને–મનુષ્યને પોતાને કોઈ ખાસ માહિતી હોતી નથી. તેમ જ ઈશ્વર-ભક્તિ કરવા માટે સુઘડ જીવનવ્યવહાર, હિંમત, ધૈર્ય, આત્મબળ, શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણભાવના, આત્મસંયમ, નિર્મળ ચિત્તવૃત્તિઓ વગેરેની પણ આવશ્યકતા રહે છે. ભૌતિક કે આધ્યાત્મિક ઉભય દૃષ્ટિએ મનુષ્ય કે ઉપાસક પોતે જે રીતે જીવી રહ્યો છે તેમાંથી તેને આત્મશાંતિ તો નથી જ મળતી, સરવાળે દુઃખ જ પ્રાપ્ત થાય છે, આધ્યાત્મિક રીતે પોતે જે માર્ગે જઈ રહ્યો છે, જે રીતે ભક્તિ કરી રહ્યો છે તે યોગ્ય છે કે કેમ તેની પણ તેને સાચી સમજ કે જાણકારી હોતી નથી. આમ ભૌતિક કે આધ્યાત્મિક ઉભય ક્ષેત્રના માર્ગદર્શન માટે માનવીને–ઉપાસકને કોઈક પ્રખર સિદ્ધપુરુષ–સન્ત–ગુરુની આવશ્યકતા રહે છે. કોઈપણ સન્ત કે ગુરુ પોતાની પાસે માર્ગદર્શન માટે આવનાર મનુષ્યની–ઉપાસકની કક્ષા, ક્ષમતા, એના સત્ત્વ ને સામર્થ્યને સુપેરે પારખી શકે છે. મનુષ્યના–ઉપાસકના સત્ત્વ અને સામર્થ્યને પારખીને ગુરુ એને માર્ગદર્શન આપે છે અને કોઈક સિદ્ધ ગુરુ કે સન્તના માર્ગદર્શન હેઠળ કરાતી ભક્તિ નિત નૂતન–અવનવાં પરિમાણો અને પરિણામો સર્જી ઉપાસકને–મનુષ્યને દિવ્ય અલૌકિક અનુભવનો અધિકારી બનાવે છે.

ગુરુનું માર્ગદર્શન અને એમનો આદેશ પ્રત્યેક માનવી માટે કલ્યાણકારક ને શ્રેયસાધક બની રહે છે. ગુરુના માર્ગદર્શન વિના પોતાને મન ફાવે તેમ આધ્યાત્મિકતાનું આચરણ ક્યારેક માનવી માટે અનિષ્ટો પણ સર્જે છે. ઉપાસનાના દરેક સોપાન પર ગુરુના આદેશ–માર્ગદર્શન–કૃપા અનિવાર્ય આવશ્યક બની રહે છે. તે ઉપાસકની ઉપાસનાને સરળ ને સહજ બનાવે છે. ધ્યાનયોગ, કુંડલિની જાગૃતિ, મંત્રના અનુષ્ઠાનો–પુરશ્ચરણો, વગેરેમાં તો ગુરુનું માર્ગદર્શન અવશ્ય આવકારદાયક બની રહે છે. એમાં ગુરુના આદેશ વિના–માર્ગદર્શન વિના પડવું જ નહિ.

આટલી ને આવી વાતો સાંભળીને કોઈને પણ સહજ પ્રશ્ન થાય કે ત્યારે અમારે ગુરુ કેવી રીતે મેળવવા, અમને ગુરુ ક્યારે મળે?



Scanned by CamScanner

ગુરુની પ્રાપ્તિ થવી અતિ દુષ્કર ને કપરું કાય છે. ગુરુની પ્રાપ્તિ એ જીવનનો મહામૂલો અવસર છે. એનું વર્ણન કરી શકાય નહિ. માનવીની સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણ દ્વારા, હૃદયપૂર્વક કરાતી નિરંતર ભક્તિ અને પોતાના પૂર્વભવનાં સંચિત્ સત્કર્મો માનવીને પ્રખર સિદ્ધ ગુરુ મેળવી આપવા સમર્થ છે. ભક્તિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર તો કોઈક વિરલને જ થાય. એવા વિરલ અને અસામાન્ય, દેવત્વ પ્રાપ્ત કરેલ દેવી પુરુષ, પરમાત્માનો સાક્ષાત્કાર પામેલ પેલો વિરલ પુરુષ માનવીને પ્રાપ્ત થાય તે જ માનવીને–ઉપાસકને થયેલ પરમાત્માનો સાક્ષાત્કાર કહેવાય. પરમાત્મા એમ કંઈ સદેહે સાક્ષાત્ દરેકને આવી મળતાં નથી, એનાં દર્શન થતાં નથી, પણ પરમાત્માને જેણે પોતાનામાં એકાકાર કર્યા છે તે ગુરુ જીવનમાં પ્રાપ્ત થાય ત્યારે ભક્તિની સાર્થકતા–સફળતા સમજવી. માનવીની ભક્તિ પરમાત્મા સુધી પહોંચે ત્યારે જ તેને ગુરુ પ્રાપ્ત થાય.

ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એ ગુરુને વારંવાર વન્દન કરવા જોઈએ. અવિરત વન્દન કરવા જોઈએ. નિરંતર એનું સ્મરણ, મનન, ચિન્તન, ગુરુમાં સમ્પૂર્ણ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, સર્વ સમર્પણ ભાવથી ગુરુની અનન્ય ભક્તિ અને સેવા, ગુરુના આદેશોનું અક્ષરશઃ નિષ્ઠાપૂર્વકનું ચુસ્ત પાલન માનવીને પ્રત્યેક ભૌતિક સુખ તો આપે જ છે. પણ આધ્યાત્મિક સુખ પણ આપે છે. ઈશ્વરનાં દર્શન પણ કરાવે છે. એટલું જ નહિ, ઈશ્વર સુધી પહોંચાડી એનો સાક્ષાત્કાર કરાવી મોક્ષ પણ આપે છે. એટલે જેવી જેની ભક્તિ તેવી તેને પ્રાપ્તિ. ગુરુની ભક્તિ એ પરમાત્માની જ ભક્તિ છે. ગુરુની અનન્ય ભક્તિનું–સેવાનું મહત્ત્વ અનેકગણું છે. એ તો કેવળ સ્વાનુભવે જ સમજાય. એનું વર્ણન કરવા શબ્દો વામણા જ લાગે. ગુરુનાં ગુણ અને શક્તિ અકળઅનવદ્ય છે.

જેમણે ગુરુને જ સર્વસ્વ માની એમનાં ચરણોમાં, એમની સેવામાં, એમની ભક્તિમાં જીવન સમર્પિત કર્યું છે, એના પર પ્રભુ હંમેશ પ્રસન્ન રહે છે. ગુરુમાં પરમાત્માનાં દર્શન કરી એની ભક્તિ કરે છે એ ભક્તિનાં આંદોલનો શરણાગતને ઊર્ધ્વ બનાવી આત્મિક ને આધ્યાત્મિક શક્તિઓથી વિભૂષિત કરે છે. એના ભવેભવનાં બન્ધનો–પાપો બળી જાય છે અને સર્વત્ર તે પ્રભુનાં દર્શન કરી શકે છે.

ગુરુ એટલે અજ્ઞાનના અધિકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ લઈ જનાર. માનવી જ્યારે અજ્ઞાનના અન્ધકારમાં અટવાતો હોય ત્યારે જો ગુરુની પ્રાપ્તિ થઈ જાય તો એને સત્યજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય.

ગુરુની ભક્તિ અનન્ય, અવિરત, નિષ્કામ, નિષ્ઠાવાન હોવી જોઈએ. આ કે તે ગુરુ કરવા જતાં કે આ કે તે માર્ગે ભક્તિ કરવા જતાં નિરંતર ભક્તિનો અતૂટ લય કંઈક અવરોધાય છે. આખરે લક્ષ્ય તો એક જ છે, ગન્તવ્યસ્થાન તો એક જ છે, એના માર્ગ વિભિન્ન છે. એ વિભિન્ન માર્ગોનો તાગ મેળવવા જતાં પ્રથમથી જ એક જ માર્ગ સ્વીકારીને ચાલીશું તો કદાચ ગન્તવ્યસ્થાને વહેલા પહોંચી શકાશે. વિભિન્ન માર્ગોએ જવામાં સમય ઘણો લાગશે. ગન્તવ્યસ્થાને મોડા પહોંચાશે. 'વહેલો તે પહેલો' એ ઉક્તિ અનુસાર વહેલા પહોંચીશું તો દિવ્ય, અલૌકિક પ્રેમનો સ્વાદ વધુ મળશે. મોડા પહોંચીશું તો ઓછો મળશે. ગુરુની કૃપા ઓછા સમયમાં વધુ લાભ અપાવવા શક્તિશાળી છે. આ વિશ્વની મહાન અદાલતમાં એઓ આપણા બચાવ પક્ષે વકીલાત કરતા હોય છે. વિશ્વની અદાલતના પરમ નિર્ણાયકને આપણને આપણા જીવનસંગ્રામમાં જીતાડવા માટે, એ નિર્ણાયકની પરમકૃપાની અનુભૂતિ કરાવવા એને પ્રાર્થના કરતા હોય છે. એની એ પ્રાર્થનાથી પ્રસન્ન થઈને વિશ્વના મહાન નિર્ણાયક જે કંઈ નિર્ણય આપે છે એ આપણી તરફેણમાં આવે છે. આપણે જીવનસંગ્રામમાં જીતીએ છીએ. પણ ત્યારે ગુરુને ન ભૂલશો. એનાં ચરણોમાં મસ્તક મૂકી અનન્ય ભાવથી, શ્રદ્ધાથી, શરણાગતિથી વધુ ને વધુ વળગી રહેવાનો પ્રયત્ન કરજો.

□

Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં

એક દિવસ સાંજે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં આનંદની પળોમાં બેઠાં હતાં. પૂજ્યશ્રીએ આજે થોડી જ્ઞાનની વાતો કરી, જે ઘણી જ સરળ, છતાં હૃદયસ્પર્શી હતી.

પૂ. ગુરુદેવે કહ્યું, "આજે 'નીલેષા' પર એક ૨૫-૩૦ વર્ષનો યુવાન મારી મુલાકાતે આવ્યો. યુવાન કહે, 'છેલ્લાં ૧૦ વર્ષથી માતાજીની ઉપાસના કરું છું છતાં મને માતાજીનાં દર્શન થતાં નથી. માતાજી ક્યાં છે? મને માતાજીનાં દર્શન કરાવો."

મેં કહ્યું, 'માતાજી બધે જ છે. તું કદાચ તેમને ઓળખી શકતો નહિ હોય. પંચમહાભૂત સ્વરૂપે તેં માતાજીનાં પ્રત્યક્ષ દર્શન ન કર્યાં હોય પરંતુ તેની અનુભૂતિ તો થઈ જ હશે. સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવીને કરેલી ઉપાસના હમેશાં ફળદાયી નિવડે છે. એક વ્યક્તિની જન્મોજન્મની અને અનેક વર્ષોની તપશ્ચર્યા હોવા છતાં ઈષ્ટદેવનાં દર્શન નથી થતાં. જ્યારે બીજી વ્યક્તિની આ જન્મના બહુ જ થોડાં વર્ષોની ઉપાસનાથી ઈષ્ટદેવનો સાક્ષાત્કાર થાય છે. આની પાછળ કર્મનો સિદ્ધાંત ઉપરાંત જ્ઞાન, કર્મ અને ભક્તિયોગ છુપાયેલાં છે.

આપણા ગ્રંથોમાં બ્રહ્મનું અનેક પ્રકારે વર્ણન કર્યું છે. ભગવાન ક્યાં નથી?—નો જવાબ છે કે ભગવાન બધે જ છે. નિર્જીવ અને સજીવ સૃષ્ટિમાં પરમાત્માનો વાસ છે. પ્રાકૃતિક અને અપ્રાકૃતિક બંને સૃષ્ટિમાં શક્તિ તો રહેલી જ છે. જો આ ગુલાબના હારમાં ગૂંથાયેલાં ફૂલ તેના છોડ પર હતાં ત્યારે કેવાં જીવંત અને પમરાટ ફેલાવતાં હતાં! એ શક્તિ આ નિર્જીવ ફૂલમાં ક્યાંથી આવી? તને આવો પ્રશ્ન પૂછવાની બુદ્ધિ કોણે આપી? માતાજી બધે જ છે. તારામાં, મારામાં અને બહાર બેઠેલાં બધાંમાં પરમાત્માનો વાસ છે. એને નિહાળવા માટે આપણે ફક્ત આપણા ચક્ષુ પરથી ગર્વનો-અહમનો પડદો હટાવવાની જરૂર છે. જ્ઞાન અને ગર્વ સાથે રહી શકતાં નથી. જો આપણે ગર્વ છોડીએ તો ગર્વની ખાલી પડેલી જગ્યા જ્ઞાનથી પૂરાઈ જાય. જેટલો ગર્વ એટલું આપણું અધૂરાપણું. એટલે માતાજી ક્યાં છે, કેવાં છે, શું કરે છે, તેવા પ્રશ્નો પૂછનારને હું કહું છું કે માતાજી ક્યાં નથી? કેવાં નથી? એ શું નથી કરી શકતાં?'...

આમ અમે સહુ આનંદથી ગુરુદેવના જ્ઞાનામૃતનું રસપાન કરતાં હતાં, ત્યાં જ ૨૦-૨૨ વર્ષની ઉંમરની એક બહેનને બે બાવડેથી પકડીને રીક્ષામાંથી ઉતારી બે બહેનોએ કુટિરમાં પ્રવેશ કર્યો. દેખાવે પુષ્ટ પરંતુ બંને પગે ચેતના નહિ એટલે કુટિરમાં ઊંચકીને લાવવા પડયાં. આ બહેનને આપણે રૂપાબાના નામે ઓળખીશું.

રૂપાબાને છેલ્લા એક મહિનાથી સીવીલ હોસ્પીટલમાં સ્પેશ્યલ વોર્ડમાં દાખલ કર્યાં હતાં. ઇન્વેસ્ટીગેશન્સ, સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની તપાસ, દવા વગેરે બધા જ ઉપચારો શૂન્યમાં પરિણમ્યા. રૂપાબાના બંને પગે સોય ભોંકે, ચીમટા ભરે કે કંઈ વાગે પરંતુ કંઈ જ અસર થાય નહિ. પગે લકવો છે તેમ પણ કહી શકાય નહિ કારણ કે મસલ્સ-સ્નાયુઓ બરાબર હતા. છેવટે માનસચિકિત્સકને બતાવ્યું અને શોકની ટ્રીટમેન્ટ ચાલુ કરવાનું નક્કી કર્યું.



Scanned by CamScanner

રૂપાબાના બેન-બનેવી ગુરુદેવના પરમ શિષ્ય અને મા ગાયત્રીના પરમ ઉપાસક. તેઓએ તેમને સારું થયે ગુરુદેવ પાસે લઈ જવા જણાવ્યું. પરંતુ રૂપાબાની ધીરજનો અંત આવી ગયો હતો. યુવાનવયે નિઃસહાય દશામાં જીવવાનું આકરું લાગતું હતું, તેથી રીક્ષામાં કુટિરમાં આવી ગુરુદેવને વિગતે વાત કરી અને આ નિઃસહાય દશામાંથી છૂટકારો અપાવવા વિનંતી કરી.

ગુરુદેવે રૂપાબાને તેમની શક્તિપ્રદાન સારવારની રૂમમાં લેવરાવ્યાં અને પલંગ પર સુવરાવી શક્તિપ્રદાનની સારવાર આપી. પછી પગ હલાવવા, ઊંચો-નીચો કરવા જણાવ્યું. રૂપાબાના પગમાં શક્તિપ્રદાનની સારવારથી ચેતન આવી ગયું હોય તેમ પગ હલાવ્યા, ઉપર નીચે કર્યા. ગુરુદેવે રૂમમાં ચાલવા જણાવ્યું. આશ્ચર્ય અને થોડી બીક સાથે રૂપાબા રૂમમાં ચાલી શકયાં, અને શક્તિપ્રદાન સારવાર પૂરી થયા પછી રૂમનો દરવાજો ખુલ્યો ત્યારે કુટિરમાં બેઠેલાં અમારા સહુના આશ્ચર્ય વચ્ચે રૂપાબા સહજ રીતે રૂમમાંથી કુટિરમાં ચાલતાં આવ્યાં! તેમના આનંદની કોઈ સીમા નહોતી. ભાવવિભોર થઈ હર્ષાશ્રુ વહાવવા લાગ્યાં. ગુરુદેવને વંદન કરી ચાલતાં જ હૉસ્પીટલમાં ગયાં.

* * *

એક રવિવારે સવારે ૧૧ વાગે ગુરુદેવ કુટિરમાં હિંચકા પર બેઠા હતા. અમે ૧૦-૧૨ ભક્તો ગુરુદેવના સાન્નિધ્યમાં દિવ્ય અને સુવાસમય વાતાવરણનો આસ્વાદ માણતાં બેઠાં હતાં. ત્યાં સુશીલાબેન વ્યાસ તેમના બેન અને એક પારસી બેન તેમના ૧૪-૧૫ વર્ષના છોકરાને લઈને કુટિરમાં પ્રવેશ્યાં. પૂજ્ય ગુરુદેવને પ્રણામ કરી બેઠાં અને બાબાની પરિસ્થિતિની વિગતે વાત કરી.

આજથી લગભગ દોઢ મહિના પહેલાં કાળી ચૌદશના દિવસથી આ બાબાને કંઈક થયું છે. ઘણા ડૉકટરોની દવા કરી, માનસિક રોગના ડૉકટરને બતાવી શોક અપાવ્યા પરંતુ કંઈ જ ફેર પડતો નથી. છોકરાનું ૩-૪ કીલો વજન ઉતરી ગયું છે. રાતે ઊઠીને ભાગી જાય છે. ૫-૬ ભાષામાં કંઈક બોલે છે. તોફાન કરે છે. ઉર્દૂ, મરાઠી, ઇંગ્લીશ, પંજાબી, હિન્દી વિગેરે ભાષાઓમાં મનફાવે તેમ બોલે છે, ગાળો દે છે, વગેરે વગેરે. તેનું વર્તન અસામાન્ય થઈ ગયું છે.

ગુરુદેવે બાળકના માથે હાથ મૂકી, અભિમંત્રિત જીવનજળ પીવરાવ્યું અને બીજું જીવનજળ ઘેર પીવરાવવા માટે આપ્યું અને જણાવ્યું કે આજે છોકરો શાંતિથી સૂઈ જશે અને બધું જ મટી જશે. કાલે મને જણાવજો. બીજે દિવસે સવારે જ બેનનો ફોન આવ્યો કે છોકરો શાંતિથી સૂઈ ગયો હતો અને પહેલાંના જેવો જ નોર્મલ થઈ ગયો છે. આપને લાખ લાખ વંદન.

* * *

---

**પૂ. ગુરુદેવ પર આવતા પત્રોમાંથી બે પત્રો અમે અક્ષરશઃ પ્રગટ કરીએ છીએ, એમાંથી વાચકોને પ્રેરણા મળશે એવી આશા છે.**

---

[ ૧ ]

પૂ. ગુરુજી,

નમસ્કાર.

આપ આણંદ આવ્યા ત્યારે હું તમારી મુલાકાતે આવી હતી, ને મેં કહેલું કે તમે મને ઘણી જ મદદ કરી છે. હું અમદાવાદ આવીશ ત્યારે વીગત કહીશ. તો ભાઈ, મારા મોંઢામાં ચામડી વધતી હતી,

પીડા ખૂબ જ હતી. પહેલાં ડૉ.ને બતાવ્યું તો તેમણે કહ્યું, 'ચામડી કાપવી પડશે.' તેમણે દવા લખી આપી પણ તેમાં ખર્ચો સારો એવો થાય છે ને ડૉ. ઓળખીતા હોવાથી પૈસા નથી લેતા જેથી બીજા ડૉ.ને બતાવ્યું. તેમણે લાંબી દવા ચલાવી. પીડા વધતી હતી, ને ડૉ. કહેતા ગયા, શરીરમાં લોહી નથી. હવે ચામડી ન કપાય. એકાએક તમે યાદ આવ્યા. ખૂબ જ પ્રાર્થના કરી. તમે મને કહ્યું પણ ખરું, 'ચિંતા ન કર. મટી જશે.' બસ, પછી તો માને ખૂબ જ વિનવણી કરી. ત્યારથી પીડા ગાયબ. પછી તો ડૉ.ને બતાવવા પણ નથી જવું પડયું'. મે ગુરુજી, હું તમને પ્રાર્થના કરુ છું હવે આ દર્દ સ્વપ્નામાં પણ ન આવે. આ તમારી મદદ નહિ તો બીજું શું? બસ ભાઈ, હવે તો મા ખૂબ જ ભાવનાથી ભક્તિ કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

લિ૰
આપની નાની બહેનના
જયગાયત્રી

* * *

[ ૨ ]

૯, ગીતાપાર્ક સોસાયટી,
ટી. બી. હૉસ્પીટલ રોડ,
મહેસાણા–૩૮૪ ૦૦૧
તા. ૩–૧૨–૮૧

પરમ પૂજ્ય શાસ્ત્રીજી,
અમદાવાદ.

મહેસાણાથી પ્રહ્લાદભાઈ હરગોવિંદદાસના પરમ પૂજ્ય શાસ્ત્રીજીનાં ચરણોમાં લાખો વંદન.

જત લખવાનું કે મા ભગવતી ગાયત્રીની પરમ કૃપાથી તેમજ આપના આશીર્વાદથી મારી ધર્મ-પત્ની શ્રીમતી મંગુબેન સંપૂર્ણ રોગમુક્ત થઈ ગયાં છે. મારી પત્ની બે મહિના પહેલાં એટલે કે આસો સુદ ૮ના દિવસથી દાંત બંધાઈ જતા અને સંપૂર્ણ ભાન ગુમાવી દેતાં હતાં. હાથ પગ અક્કડ થઈ જતા અને શરીરની તમામ નસો ખેંચાઈ જતી. તેમજ ત્રીસ મિનિટ સુધી મુડદાની જેમ પડયાં રહેતાં હતાં. ઘણા ડૉકટરને આ બાબતે બતાવવા છતાં કંઈજ ફેર પડયો નહોતો. અને આ દુઃખ દિનપ્રતિદિન વધતું જતું હતું. દિવસે તેમજ રાત્રે ગમે તે ટાઈમે અગાઉથી જાણ થયા વગર બે થી ત્રણ વખત થઈ જતું અને બેભાન અવસ્થાનો સમય પણ ૧ કલાક ૩૦ મિનિટ સુધીનો થઈ ગયો હતો. દાંત બંધાઈ જવાના પ્રસંગો છેલ્લાં બે વર્ષથી થતા હતા.

ત્યારબાદ ગાયત્રી–ઉપાસક શ્રી પોપટલાલના કહેવાથી અમો આપને શરણે આવ્યા. આપના આશીર્વાદથી તેમજ મા ભગવતી ગાયત્રીની કૃપાથી આજે સંપૂર્ણ રોગમુક્ત થઈ ગયાં છે. આપના બતાવ્યા મુજબ અમો નિયમિત ભગવતી ગાયત્રીના પ્રસાદરૂપ જીવનજળ નિયમિત લઈએ છીએ તેમજ દરરોજ ૧ માળા ગાયત્રીમંત્રની કરીએ છીએ.

મા ભગવતી ગાયત્રીમાતાને વંદન. અમોને પ્રેરણા આપનાર ગુરુદેવ સમા પરમ પૂજ્ય શાસ્ત્રીજીનાં ચરણોમાં મારાં લાખો વંદન.

લિ૰
પી. એચ. પટેલ

એપ્રિલ ૧૯૮૨.

# જ્ઞાનગોષ્ઠિ

**પ્ર૦ :** પૂજ્ય ગુરુદેવ, માતાજીનાં અનેક નામ છે તેથી દ્વિધામાં પડી જવાય છે, કયા માતાજીને ભજીએ તો જલ્દી પ્રસન્ન થાય ?

શક્તિનાં અનેક નામો છે. ગાયત્રી મા, અંબાજી, કાલિકા, દુર્ગા, ખોડિયાર, બહુચરાજી, વગેરે વગેરે.

**જ૦ :** 'નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોય.' આપને માતાજીનાં અનેક નામ અને સ્વરૂપોની દ્વિધા થાય તે બહુ જ સ્વાભાવિક છે. પરંતુ માતાજી-શક્તિ એક જ છે. જુદા જુદા સમયે જુદા જુદા અસુરોનો સંહાર કરી દેવોને આપત્તિમાંથી ઉગાર્યા હોઈ તેના કાર્યને બિરદાવી તેના તે સમયના રૂપ-ગુણને બિરદાવી તેને અનુરૂપ નામથી નવાજ્યાં હોય.

પુરાણોમાં વર્ણવ્યા અનુસાર, અસુરો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવોની પ્રખર ઉપાસના કરી તેમની પાસેથી મનમાન્યું વરદાન મેળવતા. પરંતુ 'કુપાત્રને દાન'ની કહેવત અનુસાર અસુરોની આસુરી વૃત્તિ આવાં દિવ્ય વરદાનો મળતાં વધારે બહેકતી. ભસ્માસુરે શિવજીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું કે 'હું જેના માથે હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય.' શિવજીએ તથાસ્તુ કહ્યું કે તરત જ તે વરદાનની ચકાસણી માટે ભસ્માસુરે શિવજીના માથે જ હાથ મૂકવાની ચેષ્ટા કરી. શિવજીએ વિષ્ણુનો સહારો લીધો અને વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કરી ભસ્માસુરનો હાથ તેના જ માથે મુકાવી તેનો વિનાશ કર્યો.

મહિષાસુરે બ્રહ્માજીની ઉપાસના કરી વરદાન મેળવ્યું કે કોઈપણ પુરુષના હાથે મારું મૃત્યુ થાય નહિ. હિરણ્યકશિપુએ વરદાન મેળવ્યું હતું કે કોઈ પણ પુરુષના હાથે, ઘરમાં કે ઘરની બહાર મારું મૃત્યુ થાય નહિ. શુંભનિશુંભને વરદાન હતું કે કોઈ પણ પુરુષથી તેનું મૃત્યુ થાય નહિ. આમ વરદાન મેળવ્યા પછી અસુરો દેવોને અને ભક્તોને રંજાડતા હતા.

દેવી ભાગવતમાં વર્ણવ્યા અનુસાર મહિષાસુરે બ્રહ્માજી પાસેથી ઉગ્ર તપશ્ચર્યાને અંતે વરદાન મેળવી ઇન્દ્રને અને બીજા દેવોને હરાવી સ્વર્ગનું રાજ્ય પોતે કરવા લાગ્યો. અને તેની જન્મજાત આસુરીવૃત્તિથી દેવોને-ઋષિઓને રંજાડવા લાગ્યો. બધા દેવો એકત્ર થઈ બ્રહ્માજી પાસે ગયા અને મહિષાસુરના ત્રાસમાંથી ઉગારવાની વાત કરી. બ્રહ્માજીએ ખુદ વરદાન આપ્યું હોઈ પોતે નિઃસહાય હતા. તેથી બધા દેવોને લઈ બ્રહ્માજી વિષ્ણુ પાસે આવ્યા. વિચારવિમર્શને અંતે વિષ્ણુજીએ જણાવ્યું કે જો તેનું મૃત્યુ કોઈ પુરુષથી થવાનું ન હોય તો આપણે કોઈ અલૌકિક સ્ત્રી-શક્તિ ઉત્પન્ન કરવી પડે, જે આ અસુરનો સંહાર કરી શકે.

આપણા – સહુ દેવોના સામૂહિક તેજપુંજથી – એકત્રિત શક્તિના અંશથી કોઈ તેજસ્વી દૈવીશક્તિ પ્રગટે અને આ શક્તિને આપણા દરેકના અલંકારો અને આયુધોથી વિભૂષિત કરીએ તો જ તે મહાશક્તિ આ અસુરનો વિનાશ કરી શકે. બ્રહ્માજીનું વરદાન પણ યથાવત્ રહે અને આપણા-સહુનું રક્ષણ થાય. બધા જ દેવો સહમત થયા.

બ્રહ્માના શરીરમાંથી લાલ, શંકરના શરીરમાંથી શ્યામ, વિષ્ણુના શરીરમાંથી ગૌર તેજપુંજ, ઇન્દ્ર, અગ્નિ, વરુણ, યમના શરીરમાંથી ભિન્નભિન્ન તેજપુંજ પ્રગટ્યું અને હાજર રહેલા અન્ય દેવોના શરીરમાંથી તેજનો પ્રાદુર્ભાવ થયો અને આ બધું તેજ એકત્ર થઈ એક પ્રજ્વલિત તેજપુંજ થઈ એક

અત્યંત સુંદર દિવ્ય સ્ત્રીરૂપ નિર્માણ થયું! સર્વદેવોના તેજસમૂહથી પ્રગટેલાં દેવી તે જ મા ભગવતી જગદંબા. જે આ પૃથ્વી પર અનેક નામે પૂજાય છે. દેવીના જે જે રૂપ, જે જે કાર્ય કરવા માટે પ્રગટ થયાં તે તે નામથી તે વિદ્યમાન થયાં.

દેવોના તેજપુંજથી પ્રગટેલાં દેવીને દેવોએ પોતાના અલંકારો અને આયુધોથી સજ્જ કર્યાં :

સૂર્યે પોતાનાં કિરણો આપ્યાં.
શંકરે ત્રિશૂળ આપ્યું,
ઇન્દ્રે વજ્ર અને મધુર અવાજ કરતો ઘંટ,
વાયુએ બાણથી ભરેલું ભાથું,
યમરાજાએ કાળદંડ,
બ્રહ્માએ ગંગાજળ ભરેલું દિવ્ય કમંડળ,
વરુણે પાશ અને કમળનો હાર,
કાળે ઢાલ અને તલવાર,
વિશ્વકર્માએ ધારદાર ફરશી,
કુબેરે અમૃત ભરેલું પાત્ર
અગ્નિએ મન જેવા વેગવાળી શક્તિ
વિષ્ણુએ સુદર્શન ચક્ર, દિવ્ય ગદા અને અમોઘ કવચ.

— આમ વિભિન્ન દેવોનાં આભૂષણો અને આયુધોથી સજ્જ થયેલાં દેવી જગદંબાએ અસુરોનો નાશ કર્યો અને તેના કાર્ય, રૂપ, ગુણ અનુસાર તેનાં નામાભિધાન થયાં.

મા ગાયત્રીનાં પાંચ મુખો અને દસ હાથ તથા આભૂષણો અને આયુધોનું માહાત્મ્ય પણ આવું જ છે. ચાર વેદોની માતા કહેવાતાં મા ગાયત્રીના ચાર મુખ ચાર વેદોનું પ્રતીક છે અને વચમાંનું મુખારવિંદ શક્તિનું પ્રતીક છે.

કમળ તથા હંસને મા ગાયત્રીએ પોતાના આસન તથા વાહન માટે પસંદ કર્યાં છે. કમળ એ પવિત્રતાનું દ્યોતક છે. જળમાં રહેવા છતાં પણ જળનો સ્પર્શ પામી શકતું નથી, સુંદરતા, મુલાયમતા, પવિત્રતા આ કમળના પુષ્પની વિશેષતા છે; એટલે માએ તેનો આસન તરીકે સ્વીકાર કર્યો છે.

વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળમાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્મા કે જેમણે સૃષ્ટિનું સર્જન કર્યું; વેદોની ઉત્પત્તિ કરી અને ઉત્પન્ન કરેલી સૃષ્ટિમાં જે શક્તિ દ્વારા પ્રાણ પૂર્યા તે શક્તિ મા ગાયત્રી–સાવિત્રી. આમ આદ્યશક્તિ મા ગાયત્રીએ સૃષ્ટિના પ્રથમ પુષ્પ કમળ પર પોતાનું આસન લીધું. બ્રહ્મા, વિષ્ણુ, મહેશે સૃષ્ટિના રક્ષણાર્થે પોતાના વ્યક્તિગત અંશમાંથી એક શક્તિ ઉત્પન્ન કરી; જે આદ્યશક્તિ દુર્ગા, જગદંબા કે ગાયત્રી કહેવાય છે.

હંસ એ પવિત્રતા અને સાત્ત્વિકતાનું પ્રતીક છે. હંસ મોતીનો ચારો ચરે છે એટલે કે સાત્ત્વિક આહાર–વિહાર કરે છે. સુંદરતા, પવિત્રતા, શુદ્ધતા આ હંસની વિશિષ્ટતા છે માટે મા ગાયત્રીએ તેનો વાહન તરીકે સ્વીકાર કર્યો છે.

*  *  *

પ્ર૦ : એક બહેને પ્રશ્ન કર્યો, પૂજ્ય ગુરુદેવ; મને ક્રોધ બહુ જ આવે છે. ગુસ્સો આવે ત્યારે ગમે તેવા અપશબ્દો બોલાઈ જાય છે. બાળકોને મારી બેસું છું. વસ્તુઓના છૂટા ઘા કરું છું, વગેરે. આ બધું ક્ષણિક રહે છે પછી બહુ જ પસ્તાવો થાય છે. ક્રોધને લીધે મને બ્લડપ્રેશરની તકલીફ રહે છે. ક્રોધને નિવારવામાં આપ કોઈ ઉપાય સૂચવો.

જ૦ : ક્રોધને નિવારવા માટે પ્રેમ કેળવવો પડે. તમે હૃદયને પ્રેમથી ભરી દો એટલે ક્રોધ એની મેળે જ પલાયન થઈ જશે. ગીતામાં કહ્યું છે કે કામ, ક્રોધ, લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે. કામ, ક્રોધ અને લોભને કારણે જ આપણે આ ભૌતિક જગતમાં શારીરિક અને માનસિક યાતના ભોગવીએ છીએ. બ્લડપ્રેશર, હાર્ટ ડીસીઝ, ડાયાબીટીસ, જેવી અનેકાનેક બિમારીનું મૂળ આપણા ષડ્‌રિપુઓ જ છે.

ક્રોધને હટાવવા માટે મનમાં પ્રેમને કેળવવો પડે, પ્રેમનું ચિંતન કરવું, બીજાનો માટે પ્રેમ અને લાગણી ઉત્પન્ન કરો. "મારા ક્રોધથી બીજાના દિલને કેટલો આઘાત લાગશે? એની કેટલી લાગણી દુભાશે ?" પોતાની જાતને બીજાની પરિસ્થિતિમાં જોવાથી ક્રોધનું શમન કરી શકાય. ક્રોધ-ગુસ્સો કરવા કરતાં પ્રેમથી-શાંતિથી કહેવામાં કે કરવામાં આવેલા કાર્યમાં વધારે મીઠાશનો રણકો હોય છે અને ધાર્યું પરિણામ લાવી શકાય છે. અવાજનાં આંદોલનો વાતાવરણ પર અસર કરે છે તે નિયમ અનુસાર ક્રોધથી ઉત્પન્ન થયેલાં આંદોલનો વાતાવરણને કલુષિત કરી વિનાશને નોતરે છે, જ્યારે પ્રેમથી ઉત્પન્ન થયેલાં આંદોલનો વાતાવરણને આનંદમય બનાવી તંદુરસ્તી બક્ષે છે.

લોભને-ઈર્ષાને મનમાંથી કાઢવાનો સરળ-સલામત રસ્તો મનને ઉદારતાથી ભરવાનો છે. મનને ઉદાર બનાવો. બીજાને આપવાની, જતું કરવાની વૃત્તિ કેળવાશે એટલે લોભ-ઈર્ષા એની મેળે પલાયન થઈ જશે.

મનની નબળાઈઓને હટાવવા માટે બળનું સ્મરણ કરવું. સંકલ્પવિકલ્પોને હટાવવા માટે ઈશ્વર-સમર્પણની ભાવના ઘૂંટયા કરવી.

આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાનું આ કિંમતી રસાયણ છે. વૈજ્ઞાનિક સિદ્ધિઓ દ્વારા જેમ પાર્થિવ પદાર્થો પ્રાપ્ત કરી શકાય છે, તેમ આધ્યાત્મિક રસાયણ — ઉદારતા, પ્રેમ, બળ વગેરેથી આધ્યાત્મિક પ્રેમ-ઈશ્વરનો પ્રેમ કેળવી શકાય છે, પ્રાપ્ત કરી શકાય છે.

સંતોષ મોટું સુખ છે ને સંતોષ જ મોટું ધન છે. એવું માનીને જીવનારો મનુષ્ય ચિત્તની શાંતિ ને સુખ પ્રાપ્ત કરી શકે છે. જો સંતોષ ન હોય તો અખૂટ ધનથી પણ માણસને સુખ પ્રાપ્ત થતું નથી, અને અધિક ધનપ્રાપ્તિના લોભમાં માણસ જીવનપર્યંત મૃગજળની જેમ દોડયા કરે છે.

સદ્‌ગુણ કેળવવા એ એક વસ્તુ છે પરંતુ સદ્‌ગુણની જાહેરાત કરવી તે આત્મશ્લાઘા કહેવાય. સદ્‌ગુણ સ્વયંપ્રકાશિત – આપમેળે જ પ્રગટ થવા જોઈએ. તેને પ્રકાશમાં લાવવા માટે પ્રવાસ કરવાની જરૂર નથી. છાબડી નીચે ઢંકાયેલ દીવાનાં કિરણો-પ્રકાશ બહાર આવવાનાં જ છે, સંયમ એ મનની નિસ્તરંગ-શાંત અવસ્થા છે. સંયમી મન શાંત સરોવર જેવું છે. શાંત સરોવરમાં જેમ તરંગો ઉઠતાં નથી, તેમ શાંત સંયમી મનમાં પણ તરંગો ઉઠતાં નથી. મન ભટકતું નથી, આડાઅવળા વિચારો આવતા નથી, ક્રોધ, લોભ, મોહ કે ગર્વને તેમાં સ્થાન નથી.

□

# પ્રાર્થના મનુષ્યજીવનને અન્ધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે!

'અસતો મા સદ્ગમય તમસો મા જ્યોતિર્ગમય!
—પરથી નરસિંહરાવ દિવેટિયાની પેલી પ્રાર્થના યાદ આવે છે :

'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા,
અસત્યો માંહેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.'

અર્થ બહુ જ સ્પષ્ટ છે. અંધકારમાંથી પ્રકાશમાં લઈ જવા માટે પરમાત્માને પ્રાર્થના કરી છે. પરમાત્મા સ્વયં પ્રખર પ્રકાશ સ્વરૂપ છે, તેથી જ તે માનવીને પ્રકાશ આપી શકે છે. અંધકારમાંથી પ્રકાશમાં લઈ જવાની એક માત્ર પ્રાર્થના મનુષ્યજીવનની સર્વ વિષમતાઓના અંધકારને ઓગાળી સંવાદિતાના પરમ પ્રકાશની સ્થાપના કરે છે. ઉપાસના માત્ર મનુષ્યજીવનના સમગ્ર અંધકારને વિદારવા સમર્થ છે.

ગાયત્રી–ઉપાસનાને અનુલક્ષીને વાત કરીએ તો ગાયત્રી–મંત્ર એ સાત્ત્વિક વેદોક્ત સૂર્યમંત્ર છે. ગાયત્રી–ઉપાસના એ સૂર્યદેવતાની ઉપાસના છે. એમાં સૂર્યદેવતાને પ્રાર્થના કરવામાં આવી છે. એ પ્રાર્થનાથી સૂર્યદેવતાના પ્રખર તેજ જેવો પ્રકાશ મનુષ્ય જોઈ શકે છે, અનુભવી શકે છે, પ્રાપ્ત કરી શકે છે.

પરમાત્માએ માનવીનું જે સર્જન કર્યું છે તે અતિ અલૌકિક છે. માનવીની પ્રત્યેક ઇન્દ્રિયોનું ચોક્કસ કાર્ય છે. એ ઇન્દ્રિયો જો પોતાની કાર્યક્ષમતા ગુમાવી બેસે તો માનવીનું જીવન એટલું બધું હતાશ–નિરાશ–વિચ્છિન્ન–વેરવિખેર ને વિસંવાદી બની જાય છે કે એની કોઈ કલ્પના જ ન થઈ શકે. એ તો જેને એનો અનુભવ થયો હોય તે જ જાણે.

પરમાત્માએ મનુષ્યને આંખ આપી છે. એક નહિ પણ બે આંખો. બે આંખોનું તેજ માનવીને માટે કેટલું ઉપકારક છે તે તો આપણે સૌ જાણીએ છીએ. પરન્તુ જેઓ સમ્પૂર્ણ અન્ધ છે અથવા એક આંખે અંધાપો હોય છે તેવાઓનું જીવન તો કેવી અકળામણ ને ગૂંગળામણ અનુભવતું હોય છે તેની કલ્પના કરી શકાય.

ઊંડા અંધારેથી પરમ તેજે લઈ જવાની પ્રભુપ્રાર્થના માનવીની આ દશ્ય ઇન્દ્રિયોના અંધકારને દૂર કરી શકે છે. સૂર્યદેવતાની પ્રખર તેજમયી ગાયત્રી–ઉપાસના માનવીની આ દશ્ય ઇન્દ્રિયોના અન્ધકારને દૂર કરી નૂતન પ્રકાશ આપી શકે છે.

જેમણે પચ્ચીસ વર્ષના લાંબા સમયથી એક આંખનું તેજ ખોયું હતું અને ગાયત્રી–ઉપાસનાથી એક નૂતન દૃષ્ટિ, એક નૂતન પ્રકાશ પ્રાપ્ત કર્યો છે એવા એક ભાઈનો પ્રસંગ પ્રસ્તુત કરું છું જે અનેક ઉપાસકોને નૂતન પ્રકાશ બતાવશે એવી શ્રદ્ધા છે :

અમદાવાદના શ્રી બી. કે. પટેલ લખે છે:

'આજના યંત્રયુગમાં માણસોને માનસિક શાન્તિની જરૂર છે. તે મેળવવા માટે મનુષ્ય અથાક પ્રયત્નો કરે છે. માનસિક શાન્તિ માટે માણસોએ પોતાની સાંસારિક જવાબદારીઓ સાથે ધર્મને

વણી લેવાની જરૂર છે. ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશમાં જે ધર્મ પાળવો હોય તે પાળી શકાય છે. ધર્મના નીતિ-નિયમો પ્રમાણે જીવી અને જીવાડી શકાય છે.

કોઈપણ ઇષ્ટ દેવ-દેવીના મંત્રજાપ કરવા માટે શ્રદ્ધાપૂર્વકની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકારવી જરૂરી છે.

ગાયત્રીમાતા એ તો વેદમાતા છે, જેના ગુણગાન અનેક ઋષિ મુનિઓએ ગાયા છે. મા એ તો મા છે. એની સરખામણી કરી શકાય નહિ. અને આ તો જગતજનની-તેનું શરણું સ્વીકારનાર ગમે તેવો પાપી હોય તો પણ માના મંત્રથી સદ્‌બુદ્ધિ આવે છે જ. શરણાગતિ સ્વીકારને મા ચોક્કસ સહાય કરે છે જ, તેમાં બેમત નથી.

આશરે દસેક વર્ષની ઉંમરે વાગવાથી એક આંખે ફુલુ પડયું અને દષ્ટિ ગુમાવવી પડેલી ત્યારે દવા પણ કરાવેલી, ઓપરેશન કરાવેલું, છેવટે અભિપ્રાય મળ્યો કે "હવે જોવાની શકિત મળવાની આશા નથી." પછી તો સમય કોઈની રાહ જોતો નથી તેમ દિવસો-વર્ષો પસાર થવા લાગ્યાં. આંખ જેવી આંખ દેખાય પણ જોવાની શકિત નથી એવું બીજાઓને ન લાગે. બીજી આંખ સંપૂર્ણ સારી એટલે વ્યવહાર સારી રીતે ચાલ્યા કરે. ભગવાન બહુ જ દયાળુ છે. તેણે જે જે ઇન્દ્રિયોનો વધુ ઉપયોગ છે તે બે બે ઇન્દ્રિયો આપી છે. સંજોગવશાત્ એક બગડે તો બીજાથી ચાલી શકે.

મા એ મા, બીજા વનવગડાના વા. જગતજનની મા ગાયત્રીનું શરણું સ્વીકારી લીધું અને ગુરુ તરીકે પૂ. શાસ્ત્રીજીને માન્યા. મંત્રજપ કરતો રહ્યો. આંખે દૃષ્ટિ મેળવવા માને વિનંતી કરતો રહ્યો. શ્રદ્ધા અને શરણાગતિ હ્રદયમાં જતા હતા. ડૉકટરોને બતાવતો રહેતો પણ જવાબ નકારાત્મક મળતો હતો. મહદ્ અંશે સલાહ હતી કે નાજુક અવયવ છે, પચ્ચીસ વર્ષ જેટલો સમયગાળો વીતી ગયો છે એટલે આંખ બેસી જાય, જોઈ શકાય નહિ. છતાં આશાવાદી રહેલો, કારણ આશા અમર છે. આશા સિવાય માનવી જીવી શકે નહિ. ઑપરેશન કરાવવું હતું પણ કોઈની તૈયારી નહિ. છેવટે શ્રદ્ધા રાખી કોઈક અગોચર પ્રેરણાથી ગુરુજીને પૂછવાનું મન થયું. ગુરુજીએ તરત જ ઑપરેશનનો આદેશ આપી દીધો. પછી એક ડૉકટરને મળ્યો. તેમની સલાહ પણ ઉપર જેવી જ હતી, છતાં મારી તૈયારી જોઈ ભગવાન ભરોસે તેમણે મને ખાતરી આપી, કે અમારા તરફથી સંપૂર્ણ સાવચેતી રાખી કામ કરવામાં આવશે. અને તા. ૧૫-૧૧-૮૦ ના રોજ ઑપરેશન કર્યું. ઑપરેશન પછી ડૉકટરે કહ્યું કે 'ધાર્યા કરતાં પરિણામ ઘણું જ સારું આવ્યું છે.' મને ખૂબ આનંદ થયો. એનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી.

માની શરણાગતિથી, તેની દયાથી પચ્ચીસ વર્ષ પછી અંધકાર પ્રકાશમાં ફેરવાયો. હવે જોઈ શકાય છે, વાંચી શકાય છે, અશકય શકય થયું તે માનો પ્રતાપ છે. પછી પૂ. શાસ્ત્રીજીનાં દર્શન કરી આશીર્વાદ લીધા.

મા ગાયત્રીની શરણાગતિથી આ જગતમાં હરકોઈ પોતાની ઉપાધિ હળવી બનાવી શકે છે. માને ભજીને આધ્યાત્મિકતા કેળવી શકે છે. આમેય આત્માના કલ્યાણાર્થે પણ આ ગાયત્રીમંત્ર જરૂર સાધકને સહાયભૂત બનશે તેમાં મીનમેખ નથી.'

* * *

ઉપાસના માત્ર આમ અશકયને શકય બનાવી શકે છે. કોઈક સન્તપુરુષ-પ્રખર-સિદ્ધ ગુરુનું વચન માનવજીવનને એક નૂતન પ્રકાશ સંપડાવી આપે છે. પરમાત્મા સાથેના પ્રત્યક્ષ અનુસંધાન દ્વારા પ્રાપ્ત થતા આદેશો અનુસાર એમનું માર્ગદર્શન અને આદેશ મનુષ્યના જીવનમાં આમ પ્રકાશ રેલાવી રહે છે.

□

# સાત્ત્વિક ઉપાસના જ શાશ્વત સુખ અર્પે છે!
# સાત્ત્વિક ઉપાસનાનો જ આશ્રય લો!

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સત્-અસત્ તત્ત્વો પોતપોતાનો ભાગ ભજવતા હોઈ સત્ તત્ત્વને ગ્રહણ કરવા અને અસત્ તત્ત્વોનો સામનો કરવા મનુષ્યે સજાગ રહેવું પડે છે. અત્યારના કળિકાળમાં સમાજ પર અસત્ તત્ત્વો અનેક રીતે સર્વત્ર પોતાનું સામ્રાજ્ય જમાવવા પ્રયત્ન કરી રહ્યા છે. જીવનમાં સીધી લીટીએ ગતિ કરતા માનવીને પણ સમાજનાં આવાં અસત તત્ત્વો પોતાની પકડમાં લેવાના પ્રયત્નો કરતાં હોય છે.

મનુષ્ય પોતાના આંતરિક સામર્થ્ય–જેમ કે અસ્તિત્વની–વ્યક્તિત્વની પવિત્રતા–સાત્ત્વિકતા, ભક્તિ-પરાયણતા, સ્વચ્છ, સુઘડ મનોલોક – દૃઢ મનોબળ ને પ્રખર આત્મવિશ્વાસથી સંપન્ન હોય એટલું જ નહિ, પોતે ગ્રહણ કરેલ માર્ગ વિશે સમ્પૂર્ણપણે ચોક્કસ–દ્વિધાવિહીન હોય તો ગમે તેવાં અસત તત્ત્વોનો એ સરળતાથી સામનો કરી શકે છે. જાણ્યે–અજાણ્યે પણ એ અસત્ તત્ત્વોનો શિકાર બનતો નથી એટલું જ નહિ, કોઈપણ સિદ્ધપુરુષનું સાન્નિધ્ય કે છત્રછાયા એને અનેક અનિષ્ટોમાંથી ઊગારી લે છે.

આધ્યાત્મિક પન્થે પ્રયાણ કરનાર–ઈશ્વરની ભક્તિમાં રચ્યાપચ્યા રહેનાર માનવીએ પણ સમાજના અનેક અસત્ તત્ત્વોનો સામનો કરવાનો રહે છે. ઉપાસકની–ઉપાસના પરાયણતાની કસોટી કરવા, એની સાધનાનાં ઊંડાણનો તાગ મેળવવા, ઘણીવાર પરમાત્મા પણ ઉપાસકને અસત્-કુરૂપનાં દર્શન કરાવી ઈશ્વરપરાયણ બનેલા મનને વિચલિત કરવા, એની ઉપાસનામાં ખલેલ પહોંચાડવા અનેક રીતે પ્રયાસ કરતા હોય છે. છતાં પણ મનુષ્યે–ઉપાસકે ઇષ્ટના સ્મરણના સાતત્યને જાળવી રાખવાનો પ્રબળ પુરુષાર્થ કરી રહેવું જોઈએ.

ઉપાસનાની આડે આવતા ગમે તે પ્રકારના અસત્- તત્ત્વનું કેવી રીતે નિવારણ થાય છે તે પ્રસ્તુત પ્રસંગથી સમજાશે.

એક ભાઈ લખે છે:

'પરમ પૂજ્ય ગુરુદેવ,

પૂજ્ય ગુરુદેવ તથા સુખકર્તાદુઃખહર્તા મા ગાયત્રીની કૃપાથી જે પ્રસાદ મને મળેલ છે તે જણાવતાં આનંદ અનુભવું છું. તા. ૬–૧૦–૮૧ ને આસો સુદ આઠમના રોજ સવારે ૭–૪૫ વાગ્યે ઓચિંતો મને કમ્મરના ભાગમાં સખત દુઃખાવો શરૂ થયો. દુઃખાવો ધીમે ધીમે વધવા લાગ્યો. ઊભો હોઉં તો બેસાય નહિ, અને બેઠો હોઉં તો ઊભા થવાય નહિ ઑફિસમાં રજા લીધી, ઘેર આવી માતાજીનો દીવો કરી મનોમન સૂતાં–સૂતાં માતાજીના મંત્ર કરવા લાગ્યો. પૂ. ગુરુજીને તથા માતાજીને દુઃખ હરવા વિનંતી કરવા લાગ્યો અને લગભગ દસ વાગ્યે થોડો આરામ થયો, પછી બાર વાગ્યે ૫૦% આરામ થયો. સાંજ પડતાં સુધીમાં ૬૦% આરામ થયો. બીજે દિવસે તા. ૭–૧૦–૮૧ ના રોજ ૭૫% આરામ જણાયો. તે દિવસે નોકરીએ પણ જઈ આવ્યો. આપશ્રીને તા. ૮–૧૦–૮૧ ના રોજ મળવા આવ્યો ત્યારે મેં આપને આ વિશે વાત કરેલી નહિ. મારા મનમાં એમ કે હવે દુઃખ દૂર થયું છે તે માટે કહેવું નથી. પણ તા. ૯–૧૦–૮૧ના રોજ કંઈ જૂદું જ બની ગયું તે જણાવતાં આનંદ અનુભવું છું.

સવારે ચાર વાગ્યે ઊઠીને નિત્યકર્મથી પરવારી નિયમ મુજબ પાંચ વાગ્યે મા ગાયત્રીના જપ કરવા બેસી ગયો. શાંત ચિત્તે માનું અને ગુરુદેવનું સ્મરણ કરતાં જપ કરતો હતો અને સાડાપાંચ વાગ્યે મને ઓચિંતો કમ્મરમાં દુઃખાવો શરૂ થયો. દુઃખાવો ધીમે ધીમે વધવા લાગ્યો. આ સમયે આંખો બંધ કરી માના જપ કરતો હતો. દુઃખાવો અસહ્ય થવાથી ગુરુદેવ અને મા ગાયત્રીને હૃદયથી યાદ કરી વિનંતી કરવા લાગ્યો ત્યાં તો બંધ આંખો આગળ એક ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરનો એક છોકરો દેખાણો. જે નગ્ન હાલતમાં હતો. તેના માથે ટાલ હતી. અને વચ્ચે એક ચોટલી હતી. આ છોકરો દેખતાંની સાથે જ મા ગાયત્રીનો ફોટો અને ગુરુદેવ દેખાવા લાગ્યા. અને ગુરુદેવે પેલા છોકરાના માથામાં ચોટલી હતી તે પકડી અને તોડી નાખી અને ચોટલી દીપની જ્યોતમાં મૂકી દીધી, જે બળી ગઈ અને છોકરો દેખાતો અદૃશ્ય થયો અને પછી ગુરુદેવ મને આશીર્વાદ આપી 'હું તારી સાથે જ છું, ચિંતા કરીશ નહિ' એમ કહી અદૃશ્ય થઈ ગયા અને પછી મેં આંખો ખોલી અને કમ્મરના ભાગમાં દુઃખાવો પણ અદૃશ્ય થઈ ગયો. હાથથી દબાવીને પણ જોઈ લીધું કે દુઃખે છે કે નહિ, પણ સહેજે દુઃખાવો નહોતો.

લિ. **રમણભાઈ'**

ઉપાસનાના ત્રણ પ્રકાર છે. યંત્ર, મન્ત્ર અને તન્ત્ર. તન્ત્ર એટલે કે તાંત્રિક સાધના. આ સાધનામાં સાધકે અનેક પ્રકારની કાળજી રાખવી પડે છે. એ મન્ત્રના જપ વેળા કે અન્ય વિધિવિધાનો કરતી વખતે એના ઉચ્ચારણોમાં સ્પષ્ટતા કે શુદ્ધતા જરૂરી છે. એમાં જો કોઈ ભૂલ થાય તો એનું વિપરીત પરિણામ સાધકે ભોગવવું પડે છે. જ્યારે સાત્ત્વિક ઉપાસનામાં વિપરીત પરિણામ આવવાની કોઈ સમ્ભાવના કે શકયતા રહેતી નથી. શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક કોઈ પણ ધર્મ કે સમ્પ્રદાયની સાત્ત્વિક ઉપાસના કોઈપણ મનુષ્ય કે ઉપાસકને માટે સરળ ને ઉપકારક બની શકે છે. અને એટલે જ પૂ. શાસ્ત્રીજી પણ મા-બાળકના સમ્બન્ધની રુએ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી-મંત્રજપ કરવા સૂચવે છે. અલબત્ત, તાંત્રિક સાધના સાધકને શીઘ્ર ફલદાયી નીવડે છે. પણ એવા શીઘ્ર ફળના મોહમાં ફસાયા વિના આરાધ્ય-ઇષ્ટને ઓળખી એનામાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી મનુષ્ય જીવનવ્યવહાર ચલાવે તો એને જીવનમાં સર્વ રીતે સુખ સાંપડે છે. ગમે તે સંજોગોમાં પણ મનુષ્ય કે ઉપાસક સાત્ત્વિક ઉપાસનાનો આશ્રય લે તે વધુ હિતકારક છે.

પરન્તુ મનુષ્યમન એવું સંકુચિત છે કે પોતાના અંગત સ્વાર્થની પરિપૂર્તિ અર્થે કે પોતાના અંગત કોઈ ઇર્ષ્યા-વેરભાવથી પ્રેરાઈને તાન્ત્રિક સાધના દ્વારા નિશ્ચિત ધ્યેયને પરિપૂર્ણ કરવા મથે છે, અથવા પોતાની ઇર્ષ્યાનો ભોગ બનેલ મનુષ્યને પોતાની તાન્ત્રિક સાધના દ્વારા શારીરિક-માનસિક કે અન્ય ગમે તે રીતે નુકસાન પહોંચાડી વેરવૃત્તિનો આનંદ માણે છે. પણ આ બરાબર નથી.

સાત્ત્વિક ઉપાસના આગળ તાન્ત્રિક સાધના કે એવા પ્રયોગો સમ્પૂર્ણ પરાજય પામે છે. જે વ્યક્તિને કેન્દ્રમાં રાખીને તાન્ત્રિક સાધના કે પ્રયોગો કરાતાં હોય અને એ મનુષ્ય જો સાત્ત્વિક ઉપાસનાનો ઉપાસક હોય-સાત્ત્વિક ઉપાસનામાં કોઈપણ ધર્મ કે સમ્પ્રદાયના ઇષ્ટ દેવ-દેવીની ઉપાસના કે મંત્રજપનો સમાવેશ થઈ શકે-કે પછી ગાયત્રી-ઉપાસનાનો ઉપાસક હોય, અને એના ગાયત્રી-મંત્રના જપ અવિરત ચાલતા હોય, ગાયત્રી અનુષ્ઠાન ચાલતાં હોય તો એવા તાન્ત્રિક પ્રયોગો તે વ્યક્તિને કોઈ અસર કરી શકતા નથી, એટલું જ નહિ, ઉપાસકનું સર્વપ્રકારે સંપૂર્ણપણે રક્ષણ થાય છે.

એવો ઉપાસક જ્યારે કોઈક સન્તના સાન્નિધ્યમાં-છત્રછાયામાં, એમના આશીષની પાર્શ્વભૂમાં ઉપાસનાનું સાતત્ય જાળવતો હોય ત્યારે સન્ત એવા ઉપાસકની પડછે થતા આવા તાન્ત્રિક પ્રયોગોથી

એનું રક્ષણ કરે છે. કારણ કે પોતાના સાન્નિધ્યમાં આપનાર ઉપાસકને થતા ઇષ્ટ-અનિષ્ટ અનુભવો-બનાવોનો સંકેત પ્રાપ્ત કરી લેતા હોય છે.

પ્રસ્તુત પ્રસંગમાં ચોટલી કાપીને દીવામાં જલાવી દેવાની જે હકીકત છે તે આ ઉપાસક ભાઈને આવા કોઈ તાન્ત્રિક સાધના કે પ્રયોગ દ્વારા થતી કનડગતનું નિવારણ પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીએ મા ગાયત્રીના સંકેતથી કર્યું એમ કહી શકાય. એક તો મંત્રજપ અવિરતપણે ચાલી રહ્યા છે, ત્યાં જ આવું બિભત્સ-જુગુપ્સાજનક દૃશ્ય, તેની સાથે જ પૂ. ગુરુદેવ અને માતાજીના દર્શન અને સ્વપ્નની સૂક્ષ્મ ઉપસ્થિતિમાં પેલી ચોટલી દીવામાં જલાવતાં જ, આંખ ઉઘડતાં જ, ઉપાસકની પીડાનો અંત એ કેટલું બધું અલૌકિક, અદ્ભુત અને પ્રેરણારૂપ બની રહે છે! કોઈપણ મનુષ્યે સાત્ત્વિક ઉપાસનાનો જ આશ્રય લેવો. સાત્ત્વિક ઉપાસના માનવીનું આ અને આવી અનેક રીતે રક્ષણ કરે છે અને સુખ-શાંતિ પ્રદાન કરે છે-શાશ્વત શાંતિ અને સુખ. અસાત્ત્વિક ઉપાસના દ્વારા સિદ્ધ કરેલ ધ્યેયપ્રાપ્તિનું સુખ લાંબો વખત ટકતું નથી અને અંતે એવા મનુષ્યનો સમ્પૂર્ણપણે પરાજય થાય છે અને અંતે દુર્ગતિને પામે છે. સદ્ગતિને પામવા માટે સાત્ત્વિક ઉપાસના જ સર્વશ્રેષ્ઠ છે તે પ્રત્યેક મનુષ્યે ધ્યાનમાં રાખવા જેવું છે.

□

---

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાતનું સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫

**સમય : બપોરના ૧૨-૩૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**
**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.
* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે, જેથી સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

---

છે. ચિદાકાશમાં અનેક સુખઃ-દુઃખઃ અનુભૂતિઓની ઘનઘોર ઘટા છવાઈ જાય છે. એવા વાતાવરણમાં આધ્યાત્મિક પંથ – ઈશ્વરમાર્ગ ગ્રહણ કરીને પાર કરવો અતિ દુષ્કર કાર્ય થઈ પડે છે. ક્યારેક માનવીની શ્રદ્ધા પણ ડગી જાય છે, એ માર્ગેથી પાછા ફરવાનો પણ વિચાર આવે છે, તો ઘડીક સહનશક્તિ કેળવીને આગળ ધપવા મન આતુર બની જાય છે. એવા અનેક આરોહ–અવરોહ, ખાડા–ટેકરા ને વળાંકોથી ભરપૂર ને આગળ વધતો આધ્યાત્મિક પંથ માનવીના ખમીરને પડકારરૂપ ને કસોટી કરનાર તો નીવડે જ છે.

પોતાને શરણે આવેલા, પોતાનો પાલવ ઝાલીને આંખ મીંચીને ચાલ્યા કરતા ભક્તની ઈશ્વર કસોટી તો કરે જ, એ બહુ સ્વાભાવિક ને સહજ છે, તો બીજી તરફ ભક્તવત્સલ એવો પરમ કૃપાળુ પરમાત્મા પોતાના ભક્તને યોગ્ય માર્ગે દોરવે જ છે, એનું કલ્યાણ કરે છે.

કોઈપણ દૈવી શક્તિને આશ્રયે જતાં આવી અનેક મુશ્કેલીઓ તો આવે જ છે. એ શક્તિ વિભિન્ન નામધારી હોય તો ય આખરે એનું સ્વરૂપ તો એક જ છે. આપણા ભક્ત–કવિ શ્રી નરસિંહ મહેતાએ પણ કહ્યું જ છે :

'નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'

ગાયત્રી–મહામંત્ર એ મૂળે તો સૂર્યનો મંત્ર છે. સૂર્ય-દેવતાની એ ઉપાસના છે, એથી એની ઉપાસના દ્વારા પ્રખર શક્તિનો આવિર્ભાવ થાય અને એ શક્તિને જીરવવા માટે, ઝીલવા માટે માનવી પાસે આંતરિક સામર્થ્ય હોવું આવશ્યક છે. એ સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે માનવીએ તપવું પડે, શુદ્ધ થવું પડે. તવાવું પડે. પોતાના બધા જ કુત્સિત સંસ્કારોથી મુક્ત થઈને શુદ્ધ અને પુનિત એવા શરીર, મન અને પ્રાણમાં એ શક્તિનો સુપેરે પ્રાદુર્ભાવ થાય છે. પણ તે પૂર્વે શુદ્ધ બનવા માટે માનવીએ અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થવું આવશ્યક અને અનિવાર્ય છે. ગાયત્રી–મંત્રની શક્તિ અદ્‌ભુત ને અપરિમેય છે એટલે એની ઉપાસના દ્વારા, એની કૃપા તેમ જ એની શક્તિની સમ્પ્રાપ્તિ અર્થે કઠણ તપશ્ચર્યા કરવી જ પડે છે.

આ ગાયત્રી–મંત્રમાંથી જ ચાર વેદોની સંરચના થઈ તેથી તેને વેદમાતા કહેવામાં આવે છે. એની આરાધના અનાદિકાળથી ચાલી આવી છે ને એ રીતે એવા સગુણ ને મૂર્તિમંત સ્વરૂપની આરાધના માનવી માટે કલ્યાણપ્રદ છે.

ગાયત્રી-મંત્રની ઉપાસનાકાળના પ્રારંભે સામાન્ય જપ કરતાં એના ઉચ્ચારણમાં મુશ્કેલી પડે. એની માળા ફેરવતાં પણ કંઈક અગવડ પડે છે. એટલું સાધ્ય કરીને મંત્રજપ આગળ ચાલે છે, પણ આ ગાયત્રી–મંત્રના અનુષ્ઠાન, લઘુ–અનુષ્ઠાન કે ચોવીસ લક્ષના પુરશ્ચરણનું માહાત્મ્ય અનેકગણું છે, નિષ્કામભાવે એનું આચરણ કરતાં માનવીને ભૌતિક–આધ્યાત્મિક સુખની ઉપલબ્ધિ થાય છે. એક યા અન્ય મિષે આ અનુષ્ઠાન કે પુરશ્ચરણ કરતાં પણ માનવીના મનમાં અનેક શંકા–કુશંકા, તર્ક–વિતર્ક ચાલ્યા કરે છે, અનેક મુશ્કેલીઓ આવે છે. અનેક પરેશાનીઓથી એ સાધક વીંટળાઈ વળે છે.

જેમ માનવીને પોતાના કોઈપણ કાર્યક્ષેત્રમાં સાચા માર્ગદર્શકની જરૂર પડે છે તેમ આ સાધનામાર્ગમાં–ઉપાસનાક્ષેત્રે કોઈક સાચા માર્ગદર્શકની, સાચા જાણકારની આવશ્યકતા રહે છે. ગાયત્રી–મંત્રની આરાધના આરંભતાં પૂર્વે જેણે ગાયત્રી અંગે ઊંડું અધ્યયન કર્યું હોય, એની પ્રખર તપશ્ચર્યા કરીને એનો સાક્ષાત્કાર મેળવ્યો હોય એવા કોઈપણ મહાત્મા, સંત કે ઉપાસક અથવા પોતાના કોઈક ગુરુની પાસે એ અંગે માર્ગદર્શન મેળવી, એના આશીર્વાદ લઈને પછી એ

ઉપાસનાનો પ્રારમ્ભ કરતાં એમાં અદ્દભુત ગતિ આવે છે. સુખદ અનુભૂતિ થાય છે. કારણ, એમણે જે શક્તિ સમ્પ્રાપ્ત કરી છે, સંચિત કરી છે એ શક્તિ એમના આશીર્વાદથી, એમની કૃપા ને માર્ગદર્શનથી માનવીમાં સંક્રાન્ત થતાં સામાન્ય ઉપાસક આરાધના કરવા સમર્થ બને છે. કારણ ગુરુ ઈશ્વર પાસે પહોંચવાના રાજમાર્ગનું નિદર્શન કરે છે, ઈશ્વરભક્તિને સરળ બનાવી આપે છે.

શ્રી ચંપકભાઈએ ગાયત્રી-પુરશ્ચરણ (ચોવીસલક્ષ મંત્ર-જપ પૂર્ણ થતાં એક પુરશ્ચરણ ગણાય)નો પ્રારમ્ભ કર્યો. એમના અનુભવોનું વર્ણન અત્રે પ્રસ્તુત કર્યું છે.

મેં પુરશ્ચરણનો પ્રારંભ કર્યો. દિવસો પસાર થવા લાગ્યા. મંત્રજપની સંખ્યા આગળ વધી રહી હતી પણ એકાએક લગભગ ત્રણ લાખ જેટલા મંત્રજપ થયા બાદ રાત્રે સ્વપ્નમાં કલ્પનાતીત ભયંકર દશ્યો દેખાવા લાગ્યાં. બાળકોને પણ એ જ અનુભવ થતો. રાત્રે તેઓ ઝબકી ઝબકીને જાગી જતાં. ગભરાઈ ઊઠતાં. એમને સમજાવી-પટાવીને પાણી પીવડાવી પાછાં સુવડાવી દેતાં. મારી પત્ની અનસૂયાને પણ એ જ મુશ્કેલી નડતી હતી. અમે બંને ખૂબ જ મૂંઝાઈ ગયાં હતાં. શું કરવું તેની સૂઝ પડતી નહિ. એક પ્રકારની ભીતિ ચિત્તને સતાવ્યા કરતી હતી અને એમ ને એમ ભીતિમાં જ દિવસો વ્યતીત થતા ગયા.

એક રાત્રે એવું ભયંકર દશ્ય જોયું કે જેનાથી હું ખૂબ ગભરાઈ ગયો. આખું શરીર ધ્રૂજવા લાગ્યું. એ દશ્ય આજદિનપર્યંત મારા મનોપટ પરથી ખસતું નથી. મારી અકળામણ વધવા લાગી. કિંકર્તવ્યમૂઢ બની ગયો. આ અંગે કોઈક અનુભવીને મળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. સગાંવહાલાં, મિત્રો તેમ જ આસપાસના અનેક જણાને આ વિશે વાત કરી પણ કોઈ પાસેથી સંતોષકારક પ્રત્યુત્તર નહિ મળ્યો. અનેક વ્યક્તિઓના અનેક અભિપ્રાયો સાંભળીને મન વધુ ને વધુ દ્વિધામાં પડી જતું. હું ખૂબ જ લાચાર થઈ ગયો હતો. કારણ, કશું સૂઝતું જ નહોતું ને દિનપ્રતિદિન એ લાચારી વધી રહી હતી. ભયંકર દશ્યોવાળાં સ્વપ્નોએ જાણે પીછો પકડયો હતો, કેમે કરી એમાંથી મુક્ત થઈ શકતાં નહોતાં.

આવી પળોમાં મા ગાયત્રીને પ્રાર્થના કરવા સિવાય બીજો કોઈ જ ઉપાય નહોતો. માની સમક્ષ બે હાથ જોડી માફી માગતા કે અમારાથી કોઈ અપરાધ થતો હોય તો ક્ષમા કરજે ને અમને આ ભયંકરતામાંથી ઉગાર. પણ એનો તો જાણે કોઈ પડઘો જ પડતો નહોતો. ને એમ ને એમ દિવસો પસાર થતા હતા.

પુરશ્ચરણના પ્રારંભે જ આવી મુશ્કેલી આવતાં અમે હિંમત હારી ગયા હતા.

પણ માની કૃપા અને એની વત્સલતાનો કોઈ પાર નથી. એની મમતા અપાર છે. ક્યારેક મા બાળકને શિક્ષા કરે કે ધમકાવે તો એ એના હિતને લક્ષમાં લઈને જ કરતી હોય છે, પણ વળતી જ પળે મા પોતાના બાળકને પોતાના વાત્સલ્યમાં ઝબકોળીને પ્રફુલ્લિત બનાવી દે છે.

માની કૃપા વરસી હોય એમ એક દિવસ અમદાવાદનું પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર 'સંદેશ' હાથમાં આવ્યું. એમાં 'અગોચર મનની અજાયબી' નામક કોલમમાં અમદાવાદના પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીનો એક લેખ વાંચ્યો. એમાં મા ગાયત્રીની કૃપાનું હૃદયસ્પર્શી આલેખન હતું. એ વાંચતાં જ આંખો ભીની થઈ ગઈ. ને વળતી જ પળે મનમાં વિચાર ઝબક્યો કે હું ય શાસ્ત્રીજીનું માર્ગદર્શન લઈ આવું? અમારી મૂંઝવણ એમને કહી તો જોઉં. એ શું કહે છે તે જોઈએ. 'સંદેશ'ની ઑફિસમાંથી એમનું સરનામું મેળવીને હું લાલદરવાજા પર આવેલા બહુમાળી મકાનની ઑફિસમાં પહોંચ્યો. (ત્યારે શાસ્ત્રીજી ત્યાં નોકરી કરતા હતા.) હું તો શાસ્ત્રીજીને ઓળખતો નહોતો. પણ પૂછપરછ કરતાં શાસ્ત્રીજીને મળ્યો. સુટ-ટાઈમાં સજ્જ, આંખે ચશ્માં, ટેબલ-ખુરશી પર બેઠેલા, તેજસ્વી

મુખમુદ્રા ધરાવતા એ શાસ્ત્રીજી સમક્ષ જતાં એક વિલક્ષણ સ્મિતથી એમ મનેણે આવકાર આપ્યો, બેસાડ્યો ને આગમનનું કારણ પૂછ્યું. શાસ્ત્રીજીને પ્રણામ કરી, પુરશ્ચરણની અને અમારા દુઃખદાયક અનુભવોની હકીકત ટૂંકમાં કહી સંભળાવી. શાસ્ત્રીજી આંખો બંધ કરી એકચિત્તે મારી વાત સાંભળી રહ્યા હતા. મેં તો ખૂબ જ ટૂંકમાં મારી વાત રજૂ કરી હતી. પણ શાસ્ત્રીજી અમારી સમગ્ર મનોસ્થિતિ સમજી ગયા હોય એમ સ્મિત કરી મારે માથે હાથ મૂક્યો. મને માર્ગદર્શન આપ્યું. આશ્વાસન આપ્યું. મિતભાષી એવા શાસ્ત્રીજીએ ઋજુ અને આર્દ્ર સ્વરે કહ્યું: 'ભાઈ, ડરશો નહિ, ઉપાસના ચાલુ રાખો. મારા તમને આશીર્વાદ છે.' બસ, આટલી જ મુલાકાત. ગણ્યાગાંઠ્યા શબ્દો, પણ શાસ્ત્રીજીનું એ વિલક્ષણ સ્મિત, એમનાં નેત્રોમાંથી વરસતી અનુકંપા, પ્રેમપૂર્ણ આવકાર, એમના વર્તનની ઋજુતા ને વાત કરવાની ઢબ મારા હૈયાસોંસરવી ઊતરી ગઈ. મને અપૂર્વ સાન્ત્વન મળ્યું. બળ મળ્યું. મારા મનનું સમાધાન થયું. નવી જ શ્રદ્ધા જાગી. હું પાછો ફર્યો. પણ શાસ્ત્રીજીની એ મુદ્રા પ્રતિપળ મારી સમક્ષ ઉપસ્થિત થઈ જતી હતી ને એમાંથી એક પ્રકારની પ્રેરણા ને બળ લાધ્યા કરતાં હતાં.

— અને અમારા સૌના આશ્ચર્ય વચ્ચે ઉપરોક્ત અમારી બધી જ મુશ્કેલીઓ ક્યાં અદૃશ્ય થઈ ગઈ તે સમજાયું નહિ!

હું મારી જિંદગીની આ અતિ ઉત્તમ ને મૂલ્યવાન ઘડી માનું છું. તત્ક્ષણે જ મેં શાસ્ત્રીજીને ગુરુપદે પ્રસ્થાપિત કર્યા.

એમના માર્ગદર્શન હેઠળ અમારી ઉપાસના સન્તોષપ્રદ રીતે પ્રગતિ કરવા લાગી. અમારા જીવનની એ ધન્યતા—કૃતકૃત્યતા છે.

ગાયત્રી-મંત્રના અમે નિયમિત જપ કરીએ છીએ. માની કૃપા ને ગુરુના આશીર્વાદથી સાધેલા આધ્યાત્મિક વિકાસની નોંધ અગાઉનાં પ્રકરણોમાંથી મળશે.

ગુરુદેવ પૂ. શ્રી શાસ્ત્રીજીને હૃદયપૂર્વક હજારો નમસ્કાર! [ ક્રમશઃ ]

□

---

**જેમ વસ્ત્ર રંગના સંગમાં રંગને આધીન થાય છે તેમ મનુષ્ય જો સત્પુરુષની સેવા કરે છે, તો તે સત્પુરુષ જેવો થાય છે, જો દુર્જનની સેવા કરે છે તો તેના જેવો થાય છે. તપસ્વીની સેવા કરે છે તો તપસ્વીને આધીન થાય છે, અથવા જો તે ચોરની સેવા કરે તો તે ચોરને આધીન થાય છે.**

---

# કાવ્યપ્રસાદ

ઈશ્વરના અસ્તિત્વની પ્રતીતિ થયા પછી, એની શક્તિના વિવિધ અનુભવો થયા પછી માનવીના-ઉપાસકના હૃદયમાં શ્રદ્ધા અને શરણાગતિનો એક નવો જ આવિર્ભાવ થાય છે. એ આવિર્ભાવ દ્વારા ઉપાસકની ઉપાસના, માનવીની ભક્તિ નૂતન પરિમાણો અને પરિણામો સર્જે છે, અને તે અવનવા સ્વરૂપે પ્રગટ થાય છે. માનવીના કોઈક સંસ્કાર બળે, કોઈક સંચિત્ પુણ્યના બળે, પરબ્રહ્મની એ ઉપાસના અને એની અનુભૂતિઓના, ચિત્તના એ અલૌકિક અવર્ણનીય આનંદને વર્ણવવા માટે કોઈ શબ્દનો આશ્રય લે છે, તો કોઈ સૂરનો. સૂર કે શબ્દ, આખરે તો કુદરતની, પરમતત્ત્વની, ઉપાસ્યની ઉપાસકને પ્રાપ્ત થયેલી પ્રસાદી જ છે.

અત્રે એવો જ 'કાવ્યપ્રસાદ' પ્રસ્તુત કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે, જેમાંથી ઉપાસકોને, વાચકોને અવનવી પ્રેરણા લાધશે એવી શ્રદ્ધા છે. બહુજનસમાજ-વાચકોનો વિશાળ વર્ગ એનો રસાસ્વાદ માણી શકે, પ્રેરણા પ્રાપ્ત કરી શકે અને સમજી શકે તેવા શુભાશયથી કવિ સ્વયં કાવ્યોનું perception-દર્શન-રસાસ્વાદ કરાવશે. કવિ સ્વયં પોતાના કાવ્યનો રસાસ્વાદ કરાવે ત્યારે કાવ્યનું ભાવવિશ્વ સુપેરે ઉપસ્થિત થાય છે અને ભાવકો એનો આસ્વાદ સુપેરે માણી શકે છે.

શ્રદ્ધા છે કે કવિશ્રીને પ્રાપ્ત થયેલ કાવ્યપ્રસાદમાં સૌ વાચકો-ઉપાસકો સહભાગી બનીને પોતાની શ્રદ્ધા અને શરણાગતિને બળવત્તર બનાવશે. એ જ આ કાવ્યપ્રસાદની સાર્થકતા ગણાશે.

**કલેવરને બદલવા આજ મહેફિલ છે મારી,**
**તમાશો ન્હોય, છે શિર સાટેની રમત મારી.**
**પતા'વા સોદો સસ્તો, આવતો નહિ દુનિયાદારી,**
**છે દરબાર આ કલંદરનો, ઉઘાડી રાખજે બારી.**

પૂજ્ય શાસ્ત્રીજીનો અહાલેક છે, જીવનમંત્ર છે કે તેમની સમક્ષ આવનાર હરકોઈ વ્યક્તિને મહામંત્ર ગાયત્રી તરફ અભિમુખ કરવી. પ્રત્યેક મનુષ્યને મા ગાયત્રીની આશિષ, કૃપાથી તેના આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત કરવો. તેઓશ્રી કોઈ 'ઈલ્મકી લકડી' ચલાવતા નથી, દોરા, ધાગા, તંત્ર, જંત્ર કરતા નથી, પણ તેનો 'માંહ્યલો' બદલવો, તેનું હૃદય (કલેવર) પરિવર્તન કરવું. તેને ઈશ્વરાભિમુખ કરવો, ગુમરાહને સાચા રાહ પર મૂકવો અને પરમાત્માની પ્રીતિ દ્વારા શાશ્વત શાંતિના માર્ગે વાળવો તેવી તેમની અભીપ્સા છે. તેમની પ્રત્યેક સાથેની વ્યક્તિગત મુલાકાત કે મહેફિલનો પ્રધાન ઉદ્દેશ આ જ છે. તેઓશ્રી પોતે સભા, સમારંભ, વ્યાખ્યાન કે સામુહિક ઉપદેશમાં માનતા નથી. પોતાના દરબારને તેથી ઓળખાવે છે – દુનિયાદારી! આ સોદો સસ્તો નથી. આ કલંદરનો દરબાર છે. અનલહક્ છે. તારા હૃદયની (શ્રદ્ધા અને શરણાગતિની) બારી ઉઘાડીને જ અહીં આવજે. જરૂર માની કૃપા મળશે. શરણુ મળશે જ. અહીં તમાશો નથી. અહીં શિર સાટેની (અહમ્‌ને ઓગાળવાની) રમત છે. માનો આશરો લઈશ તો 'હું' મટી જશે. એટલે બેડો પાર.

**ફૂલ જેવું ફૂલ પણ કંટકો સહી જાય છે,**
**સિંહણ કેરું દૂધ કો' શાસ્ત્રી જ જીરવી જાય છે.**

છે તારનારો મરજીવો, અન્યથા જાણ્યો નથી,
તો માફ કરજો, આ ગીત મારાં કાયરો માટે નથી.

ફૂલ જેવા ફૂલને — એ નિર્દોષતાને, એ કોમળતાને, એ સૌન્દર્યને, એ પવિત્રતાને પણ કંટકના સાન્નિધ્યમાં રહ્યા સિવાય ગૌરવ પ્રાપ્ત થતું નથી. તેની પાસે બીજો કોઈ પર્યાય નથી. જ્યાં તેના મનમાં કંટકને સ્થાન નથી. મન સંસારમાં ભલે એટું હોય, પણ સંસારને મનમાં બિરાજવા આસન મળી રહે તે હકીકત સ્વીકાર્ય નથી. હરિનો માર્ગ શૂરાનો છે, કાયરતા તેને ખપતી નથી. કહેવાય છે કે સિંહણના દૂધને ઝીલવા માટે સુવર્ણના પાત્ર સિવાય અન્ય ચાલી શકે નહિ. નક્કર શ્રદ્ધા, શરણાગતિ તપશ્ચર્યા માત્ર અનિવાર્ય છે. પૂ. શાસ્ત્રીજી અહર્નિશ આ જ ગીત ગાતા રહે છે, અને ગવડાવે છે. આ શૌર્યગીત છે, દુંદુભિનાદ છે, તે પાંચજન્યનો ઘોષ છે, જેના શ્રવણ-મનન પછી કેવળ શૌર્ય (ભક્તિ) સિવાય કંઈ જ શેષ રહેતું નથી. બધું જ પરમાત્મામાં વિલીન થઈ જાય છે. અંદર પડતાં વેંત જ મહાસુખ લાધવા લાગે છે. ખાલી કિનારે ઊભા રહીને સમુદ્રની મસ્તી માણી શકાતી નથી અને પૂ. શાસ્ત્રીજી જેવા નાખુદા સાથે છે, પછી શું ?

કિતાબ મારી કોરી છે, ન'કો ડાઘ છે દુનિયા તણો,
હિસાબ મારો એ જ છે, જ્યમ એક ને એક બે જ છે.
શીખું, ભણું, હું શબ્દ સાચા, મન-વચન-વાણી એક છે,
એવા શાસ્ત્રીજી બસ સાથ છે, તો જખ મારે છે જગત.

ગણિત એ નક્કર હકીકતોથી સભર શાસ્ત્ર છે. તેથી તેને વ્યાવહારિક ગણતરીઓ, આપ-લે સાથે છૂટછાટ ખપતી નથી. તેનો મેળ ખાતો નથી. એકમાં એક ઉમેરાય એટલે બે (હું અને સંસાર). એમાંથી એક વિલીન થાય (હું) એટલે શૂન્ય (બ્રહ્મ) સર્જાય. પૂ. શાસ્ત્રીજી કહે છે — મા પ્રતિની શરણાગતિ, આ સિવાય બીજી કોઈ હકીકત નથી. પૂ. શ્રી પોતે પણ આ સત્ય ઉપર જ નિર્ભર છે. પોતાની જીવનકિતાબમાં એક પણ ડાઘ નથી. મન, વચન અને કર્મથી પોતે દર્પણ સમાન જિંદગી જીવે છે. તેમનું જીવન એ જ તેમનો સંદેશ છે, બીજો કોઈ ઉપદેશ નથી. કેવળ, મા ગાયત્રીનું શરણ અને રટણ એ જ તેમનું મન, એ જ તેમનું વચન અને તે જ તેમનું કર્મ છે. આવા શાસ્ત્રીજી જો સાથમાં હોય તો શસ્ત્ર અને શાસ્ત્ર સાથે જ છે. જગત જખ મારે છે.

મા ! ગીત તારાં આગવાં છે, કોઈની દોલત નથી,
આ શાસ્ત્રીજી છે ટ્રસ્ટી સાચા, કોઈની તાકત નથી.
ધનભાગ્ય મારાં આજ છે, ગીત તારાં ગવડાવતી,
તો, હાજર રહેવા નોતરું છું, તક રખે ગુમાવતી.

મા ! આજે અહોભાગ્ય છે મારું કે તારો પ્યારો બાળક મને પ્રાપ્ત થયો છે. તારાં ગીત, તારું નામસ્મરણ કરવાનો મને લહાવો મળ્યો છે. તારી સાચી ઓળખ આપનારો ટ્રસ્ટી મને મળી ગયો છે. તારી અમાનતને સાચવનારો સદ્પુરુષ મને પ્રાપ્ત થયો છે. આ દોલત તારી જ છે. બસ, મન નાચી ઊઠે છે. ભક્તિ મહોરી ઊઠે છે. હૃદય ગીત ગાતું ફરે છે. મા ! મારાથી હવે તને આમંત્રણ અપાઈ જાય છે કે તું હવે આવ, હવે 'હું' રહ્યો નથી. તારા માટે આસન ખાલી છે. આ તક તું ગુમાવીશ

નહિ. પછી તે ક્યારેક નહિ આવે, વર્તમાન ઉપરનો કાબૂ–અંકુશ ખોયા બાદ ભૂત કે ભવિષ્ય તો હાથમાં રહેતા નથી.

**મારી ને એની આવ-જામાં કંઈ ભેદ લાગે શાસ્ત્રીજી ?**
**તે માગે છે મામને, વળી હું માગું છું 'તેમને'**
**દાતારી જો કરવી જ છે, તો લૂંટાવી દો દામન બધા,**
**આ ભિખારી, હું ભિખારી, ને ભિખારી સઘળે બધે.**

દાતાર જગમાં ફક્ત એક રામ જ છે. અન્ય સૌ કોઈ ભિખારી છે. હર કોઈ તેની પાસે પોતાની આગવી રીતે ભિક્ષાપાત્ર ધરીને – કોઈ ખુલ્લી રીતે તો કોઈ છૂપી રીતે માગતા ઊભા જ રહ્યા છે. પણ ભેદ ત્યારે જ અહીં ઉપસ્થિત થાય છે જ્યારે પૂ. શ્રીના સાન્નિધ્યમાં આપણે આવીએ છીએ. પછીથી તેની (ઈશ્વરની) માગણી શરૂ થાય છે. મામ (જગતની)ની નહિ. આ રહસ્યમય હકીકત છે. ગુરુદેવ, આપ જો 'મા'નું નામ વિનામૂલ્ય લૂંટાવો છો, લ્હાણી કરો છો તો બસ, હવે કૃપા કરી તમારી ઝોળી ઠાલવી દો. અમને ભક્તિમાં તરબોળ કરી દો. અમારા હૃદયનાં બારીબારણાં–આગળા ખુલ્લા કરી દો અને અમારા હૃદયનિવાસમાં મા ગાયત્રીનું નામ ભરી દો, જેથી બીજા કોઈને કદી આવવાને અવકાશ રહે નહિ. અમે પંથ ભૂલેલા છીએ તો સાચા પંથે ચઢાવો. અને અમારી મુસાફરી સફળ બનાવો.

□


BEST WISHES
FROM

# Rupam Trading Co.

(LANGAR BIDI)



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી



પૂ. ગુરુદેવના સાનિધ્યમાં....